न हि ज्ञानेन सद्दशं पवित्रमिह विद्यते ।

આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી.


માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Printed and Posted on 28th of Each Month

Year : 13 • Issue : 08 • January, 2024 વિક્રમ સંવત ૨૦૮૦ • પોષ વદ



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ


## સલાહકાર મંડળ

1. **શ્રી બંછાનિધિ પાની** (આઈએએસ)
   અધ્યક્ષશ્રી
2. **શ્રી ડી. એસ. પટેલ**
   નાયબ અધ્યક્ષશ્રી
3. **શ્રી ડી. પી. વાઘેલા**
   કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ્સ એન્ડ સ્ટોર્સ
4. **શ્રી જયપ્રકાશ પી. પટેલ**
   સભ્યશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર

## તંત્રી મંડળ

1. **શ્રી બી. એન. રાજગોર**
   સંયુક્ત નિયામક અને માર્ગદર્શક તંત્રી
2. **શ્રી એન. જી. વ્યાસ**
   સચિવ અને તંત્રી
3. **શ્રી બી. એમ. સોલંકી**
   સંયુક્ત સચિવ અને સહતંત્રી
4. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
   મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


## સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ. 400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂન થી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
   સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
   સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ.200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ.40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

## લેખકોને સૂચનાઓ

૧. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર ૧૦-બી, ગાંધીનગર-૩૮૦૧૦ને નામજોગ મોકલવા.

૨. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જોઈએ.

૩. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.

૪. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.

૫. સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.

૬. આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ. ૨૦૦/- પુરસ્કાર આપવામાં આવશે.

૭. અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.

૮. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી-સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.







ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે તા. 02-01-2024ના રોજ શુભેચ્છા મુલાકાતે પધારેલ માનનીય શિક્ષણમંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાથે પરીક્ષા નિયામક શ્રી એમ. કે. રાવલ, સંયુક્ત નિયામક શ્રી બી. એન. રાજગોર, બોર્ડ સદસ્યશ્રી મનુભાઈ પાવરા તેમજ બોર્ડના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દૃશ્યમાન થાય છે.

---

**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર - 382 010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**

બોર્ડની વેબસાઈટનું સરનામું : **www.gseb.org**

શિક્ષણમંત્રીશ્રીની કલમે...



# શિક્ષક, શિક્ષણ, સમાજ અને સૈનિક

• પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર •

કોઈપણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રનું ઘડતર બે રીતે થાય છે. એક બાહ્ય રીતે અને બીજું આંતરિક રીતે. આ બન્ને એકબીજાના પૂરક છે. જો વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર બાહ્ય રીતે ગમે તેટલી મજબૂત સ્થિતિમાં હોય, સંપૂર્ણ સુરક્ષિત હોય, આર્થિક સંપદા હોય પણ જો વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર આંતરિક રીતે સુરક્ષિત, મજબૂત કે સમૃદ્ધ નહીં હોય તો એનું પતન નિશ્ચિત છે અને આને માટે આપણા વેદકાલીન સમયથી શિક્ષણપ્રથા પ્રસ્થાપિત થયેલી છે. જેનો સમગ્ર આધાર શિક્ષકો ઉપર રાખવામાં આવે છે. કેમ કે શિક્ષક થકી જ આ આંતરિક સુરક્ષા શક્ય બને છે અને બાહ્ય સુરક્ષા આપણા સૈનિકો સંભાળે છે.

શિક્ષક અને સૈનિક આપણા રાષ્ટ્રને બન્ને રીતે સુરક્ષિત રાખે છે. શિક્ષક ભારતની નવી પેઢીને વૈચારિક અને બૌદ્ધિક રીતે સક્ષમ બનાવે છે અને સૈનિક ભારતની પ્રજાનું દેશના દુશ્મનોથી રક્ષણ કરે છે. દેશની સીમા પર સતત સંઘર્ષરત રહીને પણ રક્ષા કરે છે. જ્યારે શિક્ષકો દેશના શિક્ષિત નાગરિકોનું ઘડતર કરે છે.

શિક્ષણ એ માત્ર શાળાકીય વિષય અને પુસ્તકોના અભ્યાસ પૂરતું સીમિત ન હોવું જોઈએ. આપણા વેદો અને શાસ્ત્રોમાં શિક્ષણનો વ્યાપ અને સમજણ વિસ્તૃત છે. શિક્ષણ એ પુસ્તકોના અભ્યાસની સાથે સાથે સમાજ, જીવન, સંસ્કૃતિ, રાષ્ટ્ર અને વિશ્વના અભ્યાસનું પણ માધ્યમ બનવું જોઈએ. તો જ એ વિશ્વકલ્યાણના સંસ્કાર આપી શકે અને સુયોગ્ય સંસ્કારથી જ રાષ્ટ્ર પ્રગતિશીલ અને વિકાસશીલ બને છે. આજની સ્થિતિએ ભારત બન્ને સ્થિતિમાં ખૂબ જ સુરક્ષિત છે. આપણી સરકારે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ લાવીને શિક્ષણની અનેક નવી અને સાચી દિશા ખોલી આપી છે તો વળી દેશની બાહ્ય સુરક્ષા માટે પણ સરકાર ખૂબ જ ભગીરથ કાર્ય કરી રહી છે. જે શસ્ત્રો આપણે વિદેશમાંથી આયાત કરવા પડતા હતા તેનું હવે ભારતમાં ઉત્પાદન કરવામાં આવે છે. પરિણામે ભારતની સૈન્યશક્તિ ખૂબ જ મજબૂત બની છે.

આપણા દેશના વિકાસમાં અનેક સમાજસુધારકોનું યોગદાન પણ અનન્ય છે. જે કામ અત્યારે ઘણી સામાજિક સંસ્થાઓ, સંગઠનો, સંપ્રદાયો, રાષ્ટ્રવાદી સંસ્થાનો તથા સાહિત્યકારો, કલાકારો અને મીડિયા પણ કરી રહ્યા છે. પરંતુ આ સૌને ઘડવામાં એમના શિક્ષકોનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે. કેમ કે એક વ્યક્તિ સંસ્કારી, સમજદાર અને સેવાભાવી બને એમાં એના શિક્ષકોનો ફાળો વિશેષ હોય છે. આજે દેશમાં જે કાંઈ સામાજિક જાગૃતિ કે રાષ્ટ્રજાગૃતિની પ્રવૃત્તિઓ ચાલી રહી છે એ એમના શિક્ષણને કારણે છે. એમને યોગ્ય સમયે યોગ્ય શિક્ષણ મળ્યું છે. યોગ્ય શિક્ષકો મળ્યા છે અને દેશની સીમાએ શક્તિશાળી સૈનિકો આપણી સુરક્ષા કરે છે.

આમ, આ રીતે જોઈએ તો આ સમાજ કે રાષ્ટ્રને સુરક્ષિત રાખવામાં શિક્ષણ, શિક્ષક અને સૈનિકનું યોગદાન મહત્ત્વનું છે. આ ત્રણેય વિના દુનિયાના કોઈપણ દેશનો વિકાસ શક્ય નથી. એ રીતે ભારત દેશ ખૂબ જ ભાગ્યશાળી છે કે સમગ્ર વિશ્વમાં શિક્ષણની પહેલી જ્યોત આ ધરતી પર પ્રગટી હતી. જેનો પ્રકાશ સમગ્ર વિશ્વમાં ધીમે ધીમે પથરાયો છે અને આજે શિક્ષણ દુનિયાના દરેક રાષ્ટ્ર માટે અને વ્યક્તિ માટે અનિવાર્ય બની ગયું છે.

તા. 20-01-2024
ગાંધીનગર

મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને
પ્રૌઢ શિક્ષણ, ગુજરાત સરકાર, ગાંધીનગર

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,**

સૌને સાદર વંદન.

નવા વર્ષના આગમન સાથે કહેવાયું છે કે - વિદાય લેતું વર્ષ કંઈક મૂકીને તો કંઈક લઈને જાય છે. આવી રહેલું વર્ષ નવી આશા અને ઉમંગ લઈને આવતું હોય છે. વિદાય લેતા વર્ષ-2023ની અમૂલ્ય યાદો, તેના લેખાંજોખાં તથા નવા વર્ષ-2024નાં કેટલાંક સોનેરી સપનાં આપણા શિક્ષણજગતને અને તેના સાંપ્રત પ્રવાહોને વધુ સતેજ અને સક્રિય રાખે છે. ચાલો, આપણે સૌ શિક્ષણના વર્તમાન પ્રશ્નો અને પડકારો વિશે ચિંતન કરીને રચનાત્મક અને હકારાત્મક અભિગમ કેળવીએ. વધુ ને વધુ શ્રેષ્ઠ પુસ્તકો અને સંદર્ભગ્રંથો વાંચીએ અને આપણા શિક્ષણકાર્યને તેજસ્વી અને ધારદાર બનાવીએ. બાળકો સમક્ષ મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. રાધાકૃષ્ણન્, સુભાષચંદ્ર બોઝ, લાલા લજપતરાય, ચંદ્રશેખર આઝાદ, વિક્રમ સારાભાઈ, સી. વી. રામન, લાલબહાદુર શાસ્ત્રી, રવિશંકર મહારાજ, રવીન્દ્રનાથ ટાગોર જેવી મહાન વિભૂતિઓના જીવનમાંથી તેમના બાળપણની, તેમની શિક્ષણયાત્રાની તથા પ્રેરક પ્રસંગોની વાતો કરીને તેમને પ્રેરણા આપી પ્રોત્સાહિત કરીએ.

તા. 12 જાન્યુઆરી - 'રાષ્ટ્રીય યુવાદિન', તા. 15 જાન્યુઆરી - 'સેના દિન', તા. 25 જાન્યુઆરી - 'રાષ્ટ્રીય મતદાતા દિન', તા. 26 જાન્યુઆરી - 'પ્રજાસત્તાક દિન', તા. 30 જાન્યુઆરીએ - 'શહીદ દિન'ના ઉલ્લેખો આપણા **'શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર-2023-24'**માં થયેલા છે. આ બધા દિનવિશેષનું આગવું મહત્ત્વ હોય છે અને આ બધા વિશેષ દિનની ઉજવણીમાં મુખ્ય ભૂમિકા યુવાનોની છે. આજે દેશને સ્વામી વિવેકાનંદ જેવા યુવાનોની જરૂર છે. રાષ્ટ્રની પ્રગતિના પાયામાં તેમનું અનોખું સ્થાન છે. રાષ્ટ્ર માટે શહીદ થયેલા વીર ભગતસિંહ, તાત્યા ટોપે, મંગલ પાંડેના જીવનમાંથી યુવાનોએ પ્રેરણા લેવાની જરૂર છે. દેશના નાગરિકોની રાષ્ટ્રભાવના તથા દેશભક્તિ જ રાષ્ટ્રની ઉન્નતિની આધારશિલા છે. 26મી જાન્યુઆરીની ઉજવણી પ્રસંગે આ વાત શાળા-મહાશાળાઓમાં તેના આચાર્યશ્રી અને વિશેષ વક્તાઓ દ્વારા રજૂ કરવા માટે અનુરોધ છે. ચાલો, યુવાનોની અપેક્ષાઓ અને આકાંક્ષાઓને જાણીને શાળામાં શિક્ષકો દ્વારા અને સમાજમાં વડીલો દ્વારા તેમને યોગ્ય શિક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડી તેમની શક્તિઓને રચનાત્મક અને હકારાત્મક માર્ગે વાળીએ તો જ 'રાષ્ટ્રીય યુવાદિન'ની ઉજવણી સાર્થક થઈ ગણાય.

માનનીય વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના **''પરીક્ષા પે ચર્ચા - 2024''** કાર્યક્રમમાં ગુજરાતના ધોરણ-6થી 12ના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓએ ખૂબ જ મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે તે બદલ તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યશ્રીઓ, વાલીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ''પરીક્ષા પે ચર્ચા-2024'' કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓનો પરીક્ષા પ્રત્યેનો ડર અને તનાવ દૂર કરવાનો છે. વિદ્યાર્થીઓ પરીક્ષાને એક ઉત્સવની જેમ ઉજવે તેવો હેતુ છે. આ કાર્યક્રમ માટે તમામ જિ.શિ.શ્રીઓ, જિ.પ્રા.શિ.શ્રીઓ, શાળાઓના આચાર્યશ્રીઓ અને અન્ય અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ ખૂબ જ મહેનત કરીને આપણા રાજ્યનું રજીસ્ટ્રેશન મહત્તમ થાય તે માટે સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે. તે તમામને પણ અભિનંદન પાઠવું છું. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ તમામ શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓ અવશ્ય નિહાળે તેવી વ્યવસ્થા કરવા ખાસ અનુરોધ છે.

30મી જાન્યુઆરી - ગાંધી નિર્વાણ દિને મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપીને પૂજ્ય ગાંધીબાપુના આદર્શો, સિદ્ધાંતો, શૈક્ષણિક વિચારો અને તેમના જીવનસંદેશને આપણા રોજિંદા કાર્યોમાં વણી લઈએ.

આગામી 11 માર્ચથી શરૂ થનાર ધો.10 અને ધો.12ની બોર્ડની જાહેર પરીક્ષાનો 'Action Plan' ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવનાર છે. શાળા દ્વારા વિદ્યાર્થીઓને વિષયવાર નમૂનાનાં પ્રશ્નપત્રો સોલ્વ કરાવીને પરીક્ષાની પૂર્વતૈયારી, દઢીકરણ અને લેખનનો મહાવરો કરાવશો. રાષ્ટ્રના 75મા પ્રજાસત્તાક પર્વ (ગણતંત્ર દિન)ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. ગુજરાતના શિક્ષણ સાથે હર ક્ષેત્રે વિકાસ સાથે ભારતના ભાગ્યને 'સત્યમ્-શિવમ્-સુંદરમ્' બનાવવા સૌ પ્રતિજ્ઞા સાથે શપથ લઈએ. ભારતના આઝાદીના જંગમાં શહીદ થયેલ તમામ નર-નારીઓને કોટિ કોટિ વંદન. ભારત માતા કી જય.

**બંછાનિધિ પાની**

**તા. 20-01-2024** **અધ્યક્ષ**

## તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્યમિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને નમસ્કાર. નૂતન વર્ષ-2024નો જાન્યુઆરી માસનો આ અંક આપ સૌ વાચકમિત્રોના અભ્યાસ, વાંચન અને અવલોકન અર્થે પ્રગટ કરતા તંત્રીગણ આનંદ અનુભવે છે. ગત વર્ષે આપ સૌએ આપેલ સાથ-સહકાર, સહયોગ અને યોગદાનને અત્રેથી બિરદાવું છું. ગયું વર્ષ ગ્રાહકો-વાચકોની સંખ્યાની દૃષ્ટિએ, લેખકમિત્રોએ પ્રસ્તુત કરેલ લેખોનું વૈવિધ્ય, બોર્ડના વહીવટી કાર્યો, સિધ્ધિઓ, સંકલન-સંપાદનની કામગીરી, કર્મચારીઓની ફરજનિષ્ઠા, રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 અંતર્ગત થયેલ કાર્યો વગેરે તમામ બાબતોની દૃષ્ટિએ ઘણું સારું રહ્યું. નવું વર્ષ એથી પણ વધુ સારું હશે એવી આશા રાખું છું. નીત નવાં કાર્યો સાથે નવું વર્ષ નવી તાજગી, નવી સંકલ્પના, નવો પ્રકાશ અને નવી રોશનીથી ઝગમગે એ શુભેચ્છા સાથે 26 જાન્યુઆરી - 75મા પ્રજાસત્તાક (ગણતંત્ર) દિનની સૌને શુભકામના પાઠવું છું.

આપણા દેશનો આઝાદી સંગ્રામ અને પ્રજાસત્તાક તરીકેનો આપણો ઈતિહાસ ગૌરવવંતો છે. 26 જાન્યુઆરી, 1950ના દિને આપણા દેશનું બંધારણ અમલમાં આવ્યું. દેશની સામાજિક, આર્થિક, ઐતિહાસિક અને ભૌગોલિક પરિસ્થિતિનો અભ્યાસ કરીને ભારતની બંધારણ સમિતિએ ઉત્તમ ને ઉત્કૃષ્ટ સંવિધાન બનાવ્યું. દરેક રાજ્યને પણ તેમની સાંસ્કૃતિક ભાષા, સામાજિક રીત-રિવાજો, શિક્ષણ વગેરેમાં પૂરી સ્વતંત્રતા મળી રહે તેવી જોગવાઈ કરવામાં આવી. સ્વતંત્ર બંધારણને કારણે ભારતે વિજ્ઞાન, ટૅક્નોલોજી, શિક્ષણ, કૃષિ, વાહનવ્યવહાર, ઉડ્ડયન, ઉદ્યોગ, વેપાર, રોજગાર, સંદેશાવ્યવહાર, કલા, સાહિત્ય અને પ્રકાશન ક્ષેત્રે ખૂબ સારી પ્રગતિ કરી છે. પ્રજાસત્તાક દિનનું મુખ્ય આકર્ષણ છે - દિલ્હીમાં યોજાતી ભવ્ય કૂચ, રાષ્ટ્રપતિના હસ્તે ધ્વજવંદન અને તેમનું રાષ્ટ્રજોગ સંબોધન. પ્રજાસત્તાક રાષ્ટ્રને વિકાસશીલ બનાવવા સૌ કોઈ દેશહિતમાં નિષ્ઠા, પ્રામાણિકતા, માનવતા, સહકાર અને શ્રદ્ધા સાથે કામ કરે તેવી આશા રાખું છું.

30 જાન્યુઆરીએ મહાત્મા ગાંધીજીના નિર્વાણદિને - 'શહીદ દિને' ખરા દિલથી શ્રદ્ધાંજલિ આપીને તેમના જીવનમાંથી પ્રેરણા લઈએ. સત્ય, અહિંસા, સેવા, સ્વચ્છતા અને સાદગીના ગુણોને જીવનમાં ઉતારીએ. શહીદ થયેલા નર-નારીઓની શહાદતને યાદ કરી રાષ્ટ્રભાવના ઉજાગર કરીએ. આપની શાળા દ્વારા 12 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય યુવા દિન' સાથે દેશભક્ત સ્વામી વિવેકાનંદની જન્મજયંતીની ઉજવણી થઈ હશે. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહું તો ''વિશ્વમાં દરેક બાળક મહત્ત્વનું છે, તેનામાં દિવ્યતા રહેલી છે. બાળકોને શાળામાં ભણાવવા કરતા કેળવવાં જોઈએ એમ કહેવું વધુ યોગ્ય છે.જે અભ્યાસ દ્વારા આપણી ઇચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવીને ફળદાયી બનાવી શકાય તે સાચી કેળવણી. કેળવણીનો ઉદ્દેશ વ્યક્તિને ઉત્તમ મનુષ્ય બનાવવાનો જ હોઈ શકે. માનવીને એના વિકાસના પંથે ચડાવવો એ જ કેળવણીનું અંતિમ લક્ષ્ય છે.''

11 માર્ચ, 2024થી ધોરણ-10 અને ધોરણ-12ની જાહેર પરીક્ષાનો પ્રારંભ થનાર છે. સૌ વિદ્યાર્થીમિત્રોએ પરીક્ષાના કાર્યક્રમ મુજબ વાંચન અને લેખનનું સમયપત્રક બનાવી પરીક્ષાની પૂર્વતૈયારી શરૂ કરી દીધી હશે. શાળાકક્ષાએ પરીક્ષાલક્ષી સૅમિનાર યોજાય, વક્તાઓ દ્વારા વિષયવાર પરીક્ષાલક્ષી માર્ગદર્શન અપાય, નબળાં કે સુધારણાને પાત્ર બાળકોને અલગ સમયે જુદું માર્ગદર્શન અપાય, નમૂનાનાં પ્રશ્નપત્રો સાથે ઉત્તરવહીમાં લેખનનો મહાવરો થાય, સૌ નિર્ભયતાથી અને આત્મવિશ્વાસથી પરીક્ષા આપવા જાય તેવું વાતાવરણ ઘરમાં અને શાળામાં સર્જવા સૌને અનુરોધ છે. દરેક શાળાનું પરિણામ ગત વર્ષ કરતાં વધુ ઉજ્જવળ અને સારું બને એવા પ્રયત્નો સાથે આયોજન કરવા વિનંતી. વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને પરીક્ષા પૂર્વે અને પરીક્ષા સમયે મૂંઝવતા પ્રશ્નો અંગે સમયસરનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી બોર્ડ દ્વારા 'હેલ્પલાઈન' શરૂ થનાર છે. 'ઍક્શન પ્લાન-2024'માં દર્શાવેલ પરીક્ષાવ્યવસ્થા અને સંચાલન મુજબ પરીક્ષાકેન્દ્રો ખાતે કામગીરી શરૂ થનાર છે ત્યારે સ્થળસંચાલકો, ખંડનિરીક્ષકો વગેરે તમામ પરીક્ષા સાથે સંકળાયેલા કર્મચારીઓ પરીક્ષાના નીતિનિયમોનું પાલન કરીએ અને બોર્ડની માર્ચ-2024ની પરીક્ષાને સફળ બનાવીએ તેવી અભ્યર્થના. ''ટોચ ઉપર પહોંચવા માટે મહેનત અને પદ્ધતિસરનો મહાવરો ખૂબ જરૂરી છે. આપણી પોતાની બુદ્ધિપૂર્વકની મહેનતથી જ સફળતા મેળવી શકાય છે.'' સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનો આગામી બોર્ડની પરીક્ષાની ખૂબ સારી પૂર્વતૈયારી કરે એવી શુભકામના પાઠવું છું. આગામી 21 ફેબ્રુઆરીએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન અંતર્ગત તેના વિકાસ, વિસ્તાર અને સંવર્ધન માટેના કાર્યક્રમો યોજવા વિનંતી છે. આ શૈક્ષણિક મૅગેઝિનના પ્રકાશન કાર્યમાં મદદરૂપ થતા તમામ લેખકમિત્રો, અધિકારી કર્મચારીગણ અને શુભેચ્છકો, ગ્રાહકમિત્રો તથા વાચકમિત્રોને નવા વર્ષની શુભકામના સાથે આભાર પાઠવું છું.

**એન. જી. વ્યાસ**
**સચિવ/તંત્રી**

**તા. 20-01-2024**

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | શિક્ષણ : 'જીવન' માટે કે 'આજીવિકા' માટે ? | પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 5 |
| 2. | પરીક્ષાર્થીઓ માટે સફળતાનાં સૂત્રો | શૈલેષ રાઠોડ | 8 |
| 3. | હા, હું કરી શકું છું... | કમલેશ શુકલ | 10 |
| 4. | રવીન્દ્રનાથ ટાગોરનું શિક્ષણદર્શન... | સંકલન | 13 |
| 5. | મોસમ આવી પરીક્ષાની | જાગૃતિ વકીલ | 15 |
| 6. | માતૃભાષા : સંસ્કાર અને સંસ્કૃતિ | ડૉ. મહેશ ઠાકર | 18 |
| 7. | ગાંધીજીના એકાદશ વ્રતોનું વિદ્યાર્થીજીવનમાં ઔચિત્ય | ડૉ. સંજય આર. તલસાણિયા | 21 |
| 8. | શિક્ષકધર્મ | ડૉ. મિતેશકુમાર બી. શેલક | 23 |
| 9. | પુસ્તકાલયનું પંચામૃત | ડૉ. સી. ટી. ટૂંડિયા | 25 |
| 10. | વહીવટી વિભાગ : પરિપત્ર | સંકલન | 27 |



वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ ।
निर्विघ्नं कुरु मे देव शुभकार्येषु सर्वदा ॥

# શિક્ષણ : 'જીવન' માટે કે 'આજીવિકા' માટે ?

• પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા •

શિક્ષણ શબ્દ 'શિક્ષ' ઉપરથી બન્યો છે, જેનો અર્થ થાય છે શીખવું, અધ્યયન કરવું, જ્ઞાન પ્રાપ્ત કરવું. શિક્ષણ સાથે સંકળાયેલો 'વિદ્યા' શબ્દ 'વિદ્' ધાતુ પરથી વ્યુત્પન્ન થયેલો છે. જેનો અર્થ થાય છે જાણવું, જ્ઞાનથી પરિચિત કે વાકેફ થવું, અધ્યાપન વગેરે.

અંગ્રેજીનો **Education** શબ્દ 'E' અને **'Duco'** શબ્દોના મેળથી બન્યો છે. 'E'નો અર્થ છે 'અંદરથી' અને **'Duco'**નો અર્થ છે : આગળ વધારવું, દોરવું, વ્યક્તિની અંતર્નિહિત શક્તિઓને બહાર તરફ સર્વાંગીણ રીતે વિકસિત કરવી. **Education** શબ્દની ઉત્પત્તિ લેટિન ભાષાના 'ઍજ્યુકેટમ' **(Educatum)** શબ્દ પરથી થઈ છે, જેનો અર્થ થાય છે શિક્ષણ-પ્રશિક્ષણ. લેટિનમાં શિક્ષણના અર્થમાં બીજા બે શબ્દો મળે છે. 'ઍજ્યુકેયર' અને 'ઍજ્યુસિયર': 'ઍજ્યુકેયર'નો અર્થ છે શિક્ષિત કરવું, વિકાસ કરવો, બહાર કાઢવું. Educareનો અર્થ પણ વિકસિત કરવું, બહાર કાઢવું તેવો જ થાય છે. એટલે શિક્ષણનો અર્થ એ થયો કે શિક્ષણ વ્યક્તિની અંદર રહેલી શક્તિઓનો ધ્યેયલક્ષી, ઉદ્દેશલક્ષી પ્રયાસ છે. મતલબ કે જીવનઘડતરની કળા એટલે શિક્ષણ અને વ્યક્તિના મનને કેળવીને સુસંસ્કૃત બનાવવું તેનું નામ 'કેળવણી'. મૂળશંકરભાઈ ભટ્ટે કહ્યું છે તેમ **"મનને શુદ્ધ, પરિશુદ્ધ કરે તે કેળવણી."**

**શિક્ષણની વિવિધ પરિભાષાઓ :**

શિક્ષણ વિષયક પરિભાષાઓનો ભારતીય તેમ જ પાશ્ચાત્ય બંને દૃષ્ટિકોણથી પરિચય મેળવવો જોઈએ. વેદ- ઉપનિષદ-મહાભારત-ગીતા-બૌદ્ધ સાહિત્ય વગેરે ગ્રંથોમાં તેમજ સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ વગેરેએ શિક્ષણને પોતપોતાના દૃષ્ટિકોણથી પરિભાષિત કર્યું છે.

ઋગ્વેદની નજરે **'શિક્ષણ એ છે જે મનુષ્યને 'આત્મનિર્ભર' બનાવે.'** યજુર્વેદના મતે **'વિદ્યયા અમૃતમં અશ્નુતે ।'** એટલે કે **'વિદ્યા વડે અમરત્વની પ્રાપ્તિ થાય છે.'** ભગવદ્ગીતાને મતે **'જ્ઞાન જેવું પવિત્ર આ દુનિયામાં બીજું કશું જ નથી.'** શંકરાચાર્યજી શિક્ષણને 'આત્મઓળખ' કરવાનો વિષય માને છે. મહર્ષિ અરવિંદના મતાનુસાર 'માણસમાં જે કાંઈ પડેલું છે તેને વિકસિત કરવામાં સહાયક બનવાનું છે.' 'રવીન્દ્રનાથ ટાગોરે 'Education means to enable the mind to find out truth its own and giving expression too' એટલે કે શિક્ષણનો અર્થ 'દિમાગને સત્યની શોધ કરી શકે અને તેનાં તથ્યોને પોતીકું બનાવીને અભિવ્યક્ત કરી શકે તેવું સજ્જ અને યોગ્ય બનાવવું તે છે.'

મહાત્મા ગાંધીનું મંતવ્ય હતું કે **'શિક્ષણનું ધ્યેય બાળક તથા મનુષ્યના શરીર, મન અને આત્મા દ્વારા સર્વોત્તમ તત્ત્વો પ્રાપ્ત કરવાનું છે.'**

સૉક્રેટીસના મતે શિક્ષણનું કાર્ય પ્રત્યેક મનુષ્યના મસ્તિષ્કમાં અદૃશ્યરૂપે વિદ્યમાન સર્વસામાન્ય વિચારોને પ્રકાશમાં લાવવાનું છે. **'શિક્ષણ વ્યક્તિની વૈયક્તિતાનો પૂર્ણ વિકાસ છે, જેમાં એની ક્ષમતા હોય.'** ટી.પી. નનના શબ્દોમાં 'શિક્ષણ વ્યક્તિની એવી પૂર્ણતાનો વિકાસ છે, જેથી તે પોતાની યોગ્યતા મુજબ માનવજીવનને મૌલિક યોગદાન આપી શકે.' મેકેન્ઝી માનતા હતા કે વ્યાપક અર્થમાં શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જે આજીવન ચાલતી રહે છે તથા જીવનના પ્રત્યેક અનુભવથી તેમાં વૃદ્ધિ થાય છે. રોબર્ટ ફ્રોસ્ટનું મંતવ્ય હતું કે **'કેળવણી એટલે મગજ પરનો કાબૂ કે આત્મવિશ્વાસ ગુમાવ્યા સિવાય બધું જ સાંભળી શકવાની શક્તિ'.**

**પ્રાચીન ભારતની શિક્ષણવ્યવસ્થા :**

પ્રાચીન ભારતમાં શિક્ષણ માટે **'ગુરુકુળ'** પદ્ધતિનો સ્વીકાર થયો હતો. વેદો, પુરાણો, સ્મૃતિગ્રંથો એ વાતની શાખ પૂરે છે કે પ્રાચીન ભારતમાં વિદ્યાર્થી ગુરુકુળમાં રહીને વિદ્યાભ્યાસ કરતો હતો. માતા-પિતા શૈશવાવસ્થામાં તેને પ્રાથમિક શિક્ષણ ઘરમાં જ આપતાં. તત્પશ્ચાત્ વિદ્યાર્થીની ઉંમર માતા-પિતાથી અલગ રહી શકે તેવી થાય ત્યારે કે તેનામાં ભણવાની રુચિ વધે ત્યારે તેને વિધિપૂર્વક ગુરુકુળના આચાર્ય પાસે મોકલવામાં આવતો. યજ્ઞોપવિત, વેદારંભ, ગોદાન, સમાવર્તન વગેરે સંસ્કારો ગુરુકુળ પધ્ધતિના પુરાવા છે. ગુરુ સમીપે રહેનાર શિષ્ય **'અન્તેવાસી'** કહેવાતો. પ્રાચીન કાળમાં ખૂબ જ મોટાં

त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्व मम देवदेव ॥

ગુરુકુળો પણ હતાં, જેના સંરક્ષકને 'કુલપતિ' કહેવામાં આવતા. કુલપતિ શબ્દ એવા આચાર્ય માટે વપરાતો જે દસ હજાર વિદ્યાર્થીઓના આવાસ-ભોજનની વ્યવસ્થા સાથે શિક્ષણ પ્રદાન કરવાનું આયોજન કરે. આવા આશ્રમો નદી, પર્વત, વન-ઉપવન વગેરેથી શોભિત શાંત અને પ્રકૃતિરમ્ય વાતાવરણમાં સ્થપાતા. આચાર્ય ચાણક્યના સમયમાં મોટા આશ્રમોનું - વિશ્વવિદ્યાલયનું નામાભિધાન થયું. તક્ષશિલા, નાલંદા, વલ્લભી, વિક્રમશીલા વગેરે વિશ્વવિદ્યાલયો શિક્ષણના કેન્દ્રો હતાં. વારાણસી, કાશ્મીર, ધારાનગરીમાં પણ આવાં ગુરુકુળો સ્થપાયેલાં હતાં.

ઈ.સ. છઠ્ઠી સદીની આસપાસમાં ગૌતમ બુદ્ધની પ્રેરણાથી બૌદ્ધ સંઘોએ પણ શિક્ષણની જવાબદારી ઉપાડી લીધી. તેમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી માટે બૌદ્ધ ધર્મના જ્ઞાન ઉપરાંત પોતાની રુચિ અને જિજ્ઞાસા મુજબ વેદ, ન્યાય, વ્યાકરણ, જ્યોતિષ, કલ્પ, સાંખ્ય, ગણિત, તંત્ર, ચિકિત્સા વગેરે વિષયો ભણવાની જોગવાઈ હતી. ગુણમતિ, સ્થિરમતિ, ચંદ્રપાલ, શીલભદ્ર, ભદ્રસેન જેવા વિદ્વાન અધ્યાપકો પોતાના શિક્ષણ અને આચરણ દ્વારા શિષ્યનું ઘડતર કરતા.

પ્રાચીન વિક્રમશીલા વિશ્વવિદ્યાલયમાં 208 શિક્ષકો હતા અને આઠ હજાર શિષ્યો એક સાથે બેસી શકે તેવું વિશાળ સભાગૃહ હતું. વિશ્વવિદ્યાલયનો વહીવટ મહાસ્થવી ચલાવતા હતા.

**પ્રાચીનકાલીન શિક્ષણમાં સદ્‌વિદ્યા, સદાચાર, સંયમ, સ્વાવલંબન, સાદગી અને મન-હૃદયની શુદ્ધિ પર વિશેષ ભાર મૂકવામાં આવતો તથા વિવિધ કળાઓના શિક્ષણનો પણ સમાવેશ થતો હતો.** શિક્ષિત વ્યક્તિ પ્રજ્ઞાવાન, શીલવાન અને ચારિત્ર્યવાન બને તે પર વિશેષ લક્ષ્ય અપાતું. આચાર્ય પણ અનુકરણીય આદર્શો અને ઉદાત્ત જીવનમૂલ્યો પોતાના આચરણ દ્વારા ચરિતાર્થ કરી દેખાડતા.

વિદેશીઓનાં આક્રમણ અને શિક્ષણનું બદલાયેલું સ્વરૂપ મુસ્લિમ કાળમાં મોટાભાગનાં વિદ્યાલયો મસ્જિદ સંલગ્ન રહેતાં હતાં.

મુસ્લિમ વિદ્યાલય બે પ્રકારનાં હતાં. 1. મકતબ 2. મદરસામા. મકતબ મુસ્લિમ-શિક્ષણનાં પ્રાથમિક વિદ્યાલયો હતાં. મદરસા મુસ્લિમ-શિક્ષણ પદ્ધતિમાં ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર હતાં. ધાર્મિક શિક્ષણ ઉપરાંત સાહિત્ય, વ્યાકરણ, છંદશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, કાનૂન, વિજ્ઞાન જેવા વિષયો પણ વિદ્વાન મૌલવીઓ અને અધ્યાપકો દ્વારા શીખવાતા.

ભારતમાં પોર્ટુગીઝો, ડચ, ફ્રાંસવાસીઓ તેમજ અંગ્રેજી મિશનરીઓએ પણ શિક્ષણસંસ્થાઓ ખોલી. બ્રિટિશ શાસનકાળમાં અંગ્રેજી શિક્ષણ આપતી સ્કૂલ-કૉલેજ અને યુનિવર્સિટીઓ સ્થપાઈ.

બીજી તરફ મહાત્મા ગાંધીના આદર્શો અનુસારની બુનિયાદી શિક્ષણની સંસ્થાઓએ ભારતીય શિક્ષણ પદ્ધતિના ઉચ્ચ આદર્શો અનુસારની ગ્રામોદય સર્વોદય ભાવનાને મહત્ત્વ આપતું શિક્ષણ લોકપ્રિય બનાવ્યું. એમાં સ્વાવલંબન, સદાચાર, સાદગી અને લોકસેવા કેન્દ્રમાં રહી. રવીન્દ્રનાથ ટાગોર, ગાંધીજી, જે.કૃષ્ણમૂર્તિ અને વિનોબા ભાવેએ દર્શાવેલ શિક્ષણ દર્શનનો સૌએ અભ્યાસ કરવો જોઈએ.

**જીવનમાં શિક્ષણનું મહત્ત્વ :**

**મનુષ્યજીવન દુર્લભ છે** અને **'મનુર્ભવ' માણસ બનો** અને સાચા અર્થમાં **'મનુષ્યત્વને દીપાવો'** એ ભારતીય સંસ્કૃતિનો પરમ આદર્શ છે. એટલે **શિક્ષણને મનુષ્યનો 'બીજો જન્મ' કહેવામાં આવ્યો છે.** ગુરુ પાસે શિક્ષણ મેળવીને વ્યક્તિ મસ્તિષ્ક, હાથ અને હૈયાનો સદુપયોગ કરી શ્રેષ્ઠ નાગરિક બને અને મનુષ્યોચિત વ્યક્તિત્વ વિકસાવી પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને સમુન્નત કરવામાં પોતાની બુદ્ધિ, જ્ઞાન અને અનુભવ સમર્પિત કરી **'ત્યાગીને ભોગવી જાણો'**નો પરિતોષ અનુભવી શકે, એવા જીવનવિકાસમાં શિક્ષણ એને સજ્જ બનાવે. પોતાના માનવીય સંબંધો ઉદાત્ત બનાવે, અનુકૂલન સાધી સમાજમાં શાંતિ વિકસાવવામાં મદદરૂપ બને, એ માટે એણે **'મનને મુક્ત'** બનાવવું પડે, સંકીર્ણતાઓ ત્યજવી પડે. એવા **'ભગવદીય'** મનના ઘડતરમાં વિદ્યા કે શિક્ષણ માણસને મદદરૂપ થાય છે. ઈર્ષ્યા, દ્વેષ, વેરવૃત્તિ, અનીતિ, અન્યાય, શોષણવૃત્તિ, હિંસા, ભ્રષ્ટાચાર, સ્વચ્છંદતા, અસંયમ વગેરેને જીવનમાંથી જાકારો આપવામાં શિક્ષણ માનવજીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સદાચાર અને ચારિત્ર્યશીલ માનવી માનવતાની મહામૂડી છે. મહાપુરુષોને પ્રેરક અને પાવનકારી જીવનપ્રસંગો માણસ માટે પ્રેરણાની પરબની ગરજ સારે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિને સંતોનાં ત્યાગ અને તપનિષ્ઠ જીવનચરિત્રો વિશેનો બોધ સુલભ બને છે. કેળવણી તેને ઉદાત્ત જીવનમૂલ્યો અપનાવવાની પ્રેરણા આપે છે. શિક્ષણ માણસના મનનો પરિષ્કાર કરી તેને ભૌતિક વિષયો

ॐ सहनाववतु सह नौ भुनक्तु, सह वीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥

પાછળ દોડતું અટકાવવાના ઉપાયો સૂચવે છે. સ્વામી રામતીર્થે એટલે જ કહ્યું હતું કે, શિક્ષણ માણસને સાચી સ્વતંત્રતા અને મુક્તિપ્રાપ્તિનો માર્ગ ન સૂચવે તો તેવા શિક્ષણને ધિક્કાર છે. **શિક્ષણ 'જીવન' માટે છે, માત્ર 'આજીવિકા' માટે નહીં.** 'જીવિકા' માટેની ભૂખ માણસને ભૌતિકવાદી બનાવી તેના મનને કુંઠિત કરી નાખે છે, પરિણામે તે આત્મકેન્દ્રી બની જાય છે. શિક્ષણની સાર્થકતા માટે **સાત** બાબતો અનિવાર્ય છે :

1. સમાનુકૂલન, સહિષ્ણુતા અને સમર્પણશીલતા
2. સંયમ અને સદાચાર
3. સ્વાવલંબન, સાદગી અને સંતોષ
4. મન અને હૃદયની પવિત્રતા, બુદ્ધિ અને જ્ઞાનનો સદુપયોગ.
5. ઉત્તરદાયિત્વ અને કર્તવ્યનિષ્ઠાની ભાવના, ભોગવિલાસ અને મોહ પર વિવેકનું નિયંત્રણ.
6. ચારિત્ર્યશીલતા, ત્યાગભાવના, રાષ્ટ્રપ્રેમ, માનવતા અને પ્રાણીમાત્રના કલ્યાણની ભાવના.
7. સંવેદનશીલતા, સહયોગ, સુમેળ, શાંતિની જાળવણીમાં સક્રિય ભૂમિકા, મનુષ્યને સાચા અર્થમાં **'વૈષ્ણવ જન'** બનાવવાનો પ્રયાસ અને જીવનને નિષ્કલંક, નિર્મળ અને માનવતા ન લજવાય તેવું ઉદાત્ત રાખવાની સાધના.

**જે કૃષ્ણમૂર્તિ**એ સાચું જ કહ્યું છે કે, "પરીક્ષામાં ઉત્તીર્ણ થવું, ઉપાધિ મેળવવી, નોકરી પ્રાપ્ત કરવી, પરણી જવું અને જીવનમાં સ્થિર થવું એટલું જ માત્ર શિક્ષણ નથી. **પક્ષીઓને સાંભળવા શક્તિમાન થવું, આકાશને નિહાળવું, વૃક્ષની અસાધારણ શોભાનાં અને ટેકરીઓનાં આકારનાં દર્શન કરવાં અને તેમને અનુભવવાં, તેમના સાચેસાચા અને સીધા સંપર્કમાં આવવું તે શિક્ષણ.**"

શિક્ષણ 'મળતરલક્ષી' કે 'રળતરલક્ષી' નહીં, પણ **'જીવનઘડતરલક્ષી'** બને એ જરૂરી છે. એ માટે શિક્ષણને 'કેળવણી' બનાવવાની જરૂર છે. શીખવે તે શિક્ષણ અને **કેળવે તે કેળવણી.** પીટર માર્શલે કહ્યું છે તેમ, 'હે પ્રભુ, જ્યારે હું ખોટો હોઉં ત્યારે મને સુધરવાની વૃત્તિ આપજે અને જ્યારે હું સાચો હોઉં ત્યારે તેને વળગી રહેવાની શક્તિ આપજે.'

શિક્ષણ માણસ 'મેન' નહીં 'જેન્ટલમેન' બનવા સજ્જ બનાવે છે. 'ગૃહસ્થ' નહીં, 'સદ્‌ગૃહસ્થ' બનવાની તાલીમ આપે તે શિક્ષણની સાર્થકતા છે. શિક્ષણ **'સત્યમ્'** (જ્ઞાનાત્મક), **'શિવમ્'** (ક્રિયાત્મક) અને **'સુંદરમ્'** (ભાવનાત્મક) બને એ આજના શિક્ષણની સાચી માંગ છે. જ્ઞાન માણસને રાવણ પણ બનાવી શકે તેમ જ વિવેક અને સંયમ વડે એને 'રામત્વ'થી વિભૂષિત પણ કરી શકે. આજનું જગત 'કામ' અને 'દામ' પાછળ દોડી રહ્યું છે, પણ સંયમની પાઠશાળામાં દીક્ષિત થયું નથી.

કેળવાયેલી વ્યક્તિ કેવી હોય ? આર્થર એચ કોમ્પટને કહ્યું છે તેમ દરેક શિક્ષિત વ્યક્તિએ વિચારવું જોઈએ કે...

- Has my education made me a friend of good cause ?
- Has may education made me brother of weak ?
- Do I see anything to love in a little child ?
- Do I enjoy belong along ?
- Do I believe in dignity of labour ?
- Can I look in to a mind mud puddle and see the blue sky ?
- Can I go out in night, look in to sky and see beyond the sky ?
- Is my life linked with infinite ?

મહાવીર સ્વામીએ કહ્યું છે તેમ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું અંતરમાં તો જ વહે, જે અંતર-વિકસિત થયું હોય. એટલે આજના શિક્ષણમાં 'આઇ-ક્યુ' (ઇન્ટેલિજન્સ ક્વોશંટ) એટલે કે કેવળ ઊંચો બૌદ્ધિક આંક ધરાવતા નહીં પણ 'EQ' (ઈમોશનલ ક્વોશન્ટ) એટલે કે ભાવનાત્મક આંક તથા 'SQ' એટલે કે 'સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટ' એટલે કે હૃદય અને બુદ્ધિમાં આધ્યાત્મિક ભીનાશ ધરાવતા શિક્ષિતોની જરૂર છે. કાકા કાલેલકરે ઉચિત જ કહ્યું છે કે **"કેળવણીથી ધર્મબુદ્ધિ જાગૃત થવી જોઈએ, કેળવણીથી કુવાસનાનો નાશ થવો જોઈએ."** વિદ્યાનો મોટામાં મોટો લાભ એ છે કે માણસ સ્વાર્થ ભૂલી જાય છે અને તેની દૃષ્ટિ નિર્મળ થાય છે. બુદ્ધિ નિર્મળ થશે ત્યારે જ રાગદ્વેષ નષ્ટ થશે, મનમાંથી હિંસા નીકળી જશે અને પ્રાણીમાત્ર પર પ્રેમ ઉપજશે. આજના વિશ્વ સામેનો મોટો પડકાર છે શિક્ષણને 'કેળવણી' બનાવવાનો.

**સંપર્ક : 36, 'તથલવિહાન', શાંતિપુરા, ગોકુળધામ પાસે, અમદાવાદ-382 210**

सर्व मंगल मांगल्ये शिवे सर्वाऽर्थ साधिके ।
शरण्ये त्र्यंबके गौरी नारायणि नमोऽस्तु ते ॥

# પરીક્ષાર્થીઓ માટે સફળતાનાં સૂત્રો

• શૈલેષ રાઠોડ •

11 માર્ચ, 2024થી ધો-10 તથા ધો-12ની જાહેર પરીક્ષા શરૂ થનાર છે. હવે બોર્ડની પરીક્ષાઓ નજીક છે ત્યારે વિદ્યાર્થીઓ માટે વાંચનનો અંતિમ તબક્કો શરૂ થયો છે. ધો. 10 તથા ધો. 12ના વિદ્યાર્થી ભાઈ-બહેનો ગણતરીના આગામી 40-42 દિવસોમાં સારી પૂર્વતૈયારી કરે અને સફળ થાય એ માટે કેટલાંક સૂત્રો અત્રે પ્રશ્નોત્તર સ્વરૂપે રજૂ કર્યાં છે.

**પ્રશ્ન : અભ્યાસની સૌથી ઉત્તમ પદ્ધતિ કઈ છે ?**

**જવાબ :** સફળ થવા માટે અભ્યાસની ઉત્તમ પદ્ધતિ એટલે પુનરાવર્તન. જો તમે કોઈ બાબતને યાદ રાખવા માંગો છો તો એ પ્રશ્નનો જવાબ, કાવ્ય, શબ્દ કે બોધપાઠનું થોડા થોડા સમયગાળા પર પુનરાવર્તન કરો. આમ કરવાથી તમારી યાદશક્તિ એકદમ તરોતાજા રહેશે. કોઈ પુસ્તકનો ભાગ વાંચો, પછી બીજું કંઈક વાંચો. થોડા સમયગાળા બાદ જે અગાઉ વાંચ્યું હોય તેને ફરીથી વાંચવાનો પ્રયાસ કરો.

**યાદ રાખો,** આ સમયગાળો એક કલાક, એક દિવસ કે પછી એક અઠવાડિયાનો હોઈ શકે છે. તમે ભણવાનું પૂરું કર્યાં બાદ પોતાની જાતને સવાલ પણ કરી શકો છો કે તમે જે પણ કંઈ વાંચ્યું તેમાં તમને કેટલી સમજણ પડી ? એનાથી આ વિષય પર તમારું મગજ ઘણી વખત ચિંતન કરશે.

**પ્રશ્ન : વાંચવાનો સમય અને આયોજન કઈ રીતે કરવું ?**

**જવાબ :** પરીક્ષાના જેટલા દિવસ બાકી રહે તેટલા દિવસ દરમ્યાન દરેક વિષયને 4 થી 5 દિવસમાં વહેંચી ટાઈમ-ટેબલ બનાવવું જોઈએ. જેમાં છેલ્લા મહિનામાં રિવિઝન કરવું. અઘરા વિષય અને ટોપિકને વધુ સમય આપવો. અંતિમ સમયગાળા દરમિયાન કોઈ પ્રસંગ કે ઉજવણીમાં ભાગ ન લેવો. બોર્ડની પરીક્ષાનું મહત્ત્વનું વર્ષ હોઈ જો તમે સમયનો ઉપયોગ કરી લીધો તો પછી જીવનમાં રોજ ઉત્સવ અને ઉજવણી જ છે.

**પ્રશ્ન : કઈ રીતે વાંચન કરો તો ઝડપથી યાદ રહી જાય ?**

**જવાબ :** ભણતી વખતે જે પણ મુદ્દા, શબ્દ કે વાક્ય અગત્યના જણાતા હોય તેની નીચે લાઈન કરવી. મહત્ત્વના દરેક મુદ્દા કે લાઈન નીચે લીટી દોરવી, અટકવું અને સમજવું અને થોડું આગળ વધવું. આમ કરવાથી સ્મૃતિમાં મુદ્દા કે જવાબ અંકિત થઈ જશે, યાદ રહી જશે.

**પ્રશ્ન : મહત્ત્વના પ્રશ્નો કે બાબતો કઈ રીતે યાદ રાખવા ?**

**જવાબ :** હોશિયાર વિદ્યાર્થીઓ ક્લાસરૂમ, લાઈબ્રેરીમાં હોય ત્યારે અચૂક મહત્ત્વના પ્રશ્નોની નોંધ ટપકાવતાં હોય છે. નોંધમાં તેઓ નાનાં અને ગણતરીના મુદ્દાઓને ટપકાવતા હોય છે. આ ઉત્તમ પદ્ધતિ છે.

તમામ અનુભવો પરથી એ નિષ્કર્ષ કાઢી શકાય કે વિદ્યાર્થી જેટલી ઓછી નોંધ બનાવશે, એટલું જ એમને વાંચેલું યાદ રહેશે. કારણ કે જ્યારે તમે કોઈ વાંચેલા પાઠ પર મર્યાદિત શબ્દોમાં નોંધ લખો છો ત્યારે આ અંગે તમારે ઊંડાણથી વિચારવું પડતું હોય છે.

વિજ્ઞાન કહે છે, શબ્દો અને વાક્યોને તમારા શબ્દોમાં ઉતારવા પડતા હોય છે. આનાથી તમારું મગજ વાંચેલી વાતોને ફરીથી યાદ કરે છે અને મહત્ત્વની વાતોનો સંગ્રહ કરે છે. મોટાભાગે કાગળ-પેનથી નોંધ બનાવવી વધારે ઉપયોગી સાબિત થાય છે. લેપટોપ કે કમ્પ્યૂટર પર ટાઈપ કરીને યાદ રાખવાની રીત સાચી નથી.

**પ્રશ્ન : અભ્યાસક્રમ-પુનરાવર્તન અંગે કેવું આયોજન કરવું ?**

**જવાબ :** છેલ્લાં પાંચ વર્ષનાં નમૂનાનાં પ્રશ્નપત્રો સોલ્વ કરવા. ઉત્તરવહીમાં તેના જવાબો લખવા અને તે પેપરોને આધારે મહત્ત્વના પ્રશ્નો, વારંવાર પૂછાતા પ્રશ્નોની નોટ્સ બનાવી તેના પર વધુ ભાર આપવો. અભ્યાસક્રમ-પુનરાવર્તનમાં પેપર સ્ટાઈલ અને બ્લ્યૂપ્રિન્ટ મહત્ત્વના છે.

શિક્ષકોએ આપેલી બ્લ્યૂપ્રિન્ટ પ્રમાણે તૈયારી કરવાથી અચૂક માર્ક્સ વધે છે. શિક્ષકોએ જે સૂચનાઓ આપી તેને યાદ કરી વાંચવું જોઈએ. તમે કોઈ પણ લૅક્ચરના મુખ્ય મુદ્દાના બુલેટ પૉઈન્ટ બનાવી શકો છો.

**યાદ રાખો :** જેટલાં શબ્દો ઓછાં એટલી યાદ રાખવામાં સરળતા વધારે.

**પ્રશ્ન : યાદ રાખવા શું કરશો ? કેવી રીતે વાંચશો ?**

**જવાબ :** તેજસ્વી વિદ્યાર્થીઓ દૈનિક 5 થી 7 કલાક વાંચતા હોય છે. બોર્ડની પરીક્ષાના છેલ્લા મહિનામાં તેઓ 8 થી 10 કલાક વાંચતા હોય છે. તેઓ સોશિયલ મીડિયાનો ઉપયોગ બંધ રાખે છે.

ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं
भर्गोदेवस्य धीमहि धियो योनः प्रचोदयात् ।

ગોખણપટ્ટી ક્યારેય ન કરવી. જે વાંચો તે દિલથી અને મન લગાવીને વાંચો. એક જ સ્થળે વાંચો. એક કલાક વાંચ્યા બાદ 5 થી 10 મિનિટનો વિરામ લો. પૂરતી ઊંઘ લો. ઘરનો સાત્ત્વિક ખોરાક લો.

વિદ્યાર્થીઓએ અતિ આત્મવિશ્વાસથી બચવું જોઈએ. તેના કારણે જે સાવધાની રાખવી જોઈએ કે મહેનત કરવી જોઈએ તે કરી શકાતી નથી.

અતિ આત્મવિશ્વાસમાં એમને યાદ રહી ગયાનો અહેસાસ તો થાય છે, પણ જરૂર હોય ત્યારે તે એ બાબતને યાદ કરી શકતા નથી. એટલે પુનરાવર્તન કર્યું હોય તો જ ઝડપથી વાંચેલું યાદ આવશે. છેલ્લી ઘડીએ વાંચેલું યાદ નહીં રહે.

**વિદ્યાર્થીમિત્રો,** અભ્યાસ કરતી વખતે ઉપરોક્ત બાબતોની સાથે અભ્યાસનું અનુકૂળતા મુજબનું ટાઈમટેબલ બનાવી શકો છો. થોડો થોડો પ્રયત્ન અને સમજદારી ઉત્તમ પરિણામ અપાવશે.

**સંપર્ક : બી-15, સેફ્રોન વીલા, મિશન રોડ, નડિયાદ - 387 002**

## લાલા લજપતરાયની જન્મજયંતી

'લાલ, બાલ અને પાલ'ની ભારતભરમાં પ્રખ્યાત ત્રિપુટીમાંના એક, ઉત્કટ દેશદાઝ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ, અખૂટ સેવાભાવના અને ઉત્સાહી સમાજ-ધર્મ સુધારક, દૂરંદેશી રાજનીતિજ્ઞ અને એકેએક સાર્વજનિક આંદોલનના નેતા, નવયુવાનોના દિલમાં આદરણીય સ્થાન ધરાવતા લાલા લજપતરાયની અમર શહીદીને આપણા આંસુઓનાં પુષ્પોની શ્રદ્ધાંજલિ અર્પી, ભારતમાતાની સ્વાતંત્ર્ય વેદી પર તેમણે કરેલી કુરબાનીને યાદ કરી કૃતાર્થ થઈએ. 'પંજાબ કેસરી' લાલા લજપતરાયનો જન્મ 1865ના જાન્યુઆરીની 28મીએ થયો હતો. પિતા રાધાકૃષ્ણજીના તેઓ ખૂબ લાડકા હતા. લાલાજીનું બાળપણ અનેકવિધ ધર્મસંસ્કારોથી રંગાયું; છતાં લાલાજી સ્વામી શ્રદ્ધાનંદજીના સંપર્કે આર્યસમાજના સ્થાપક અને ઝંડાધારી બન્યા.

13મા વર્ષે મિડલ સ્કૂલની પરીક્ષા પાસ કરી અને રાધાદેવી સાથે લાલાજીનાં લગ્ન થયાં. અલબત્ત તેમણે અભ્યાસ ચાલુ રાખ્યો અને પંજાબ અને કલકત્તા યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં બેઠા અને બન્નેમાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયા. 1881માં લાહોરની ગવર્મેન્ટ કૉલેજમાં દાખલ થયા. તેમને શિષ્યવૃત્તિ મળી. 1883માં વકીલાતની પરીક્ષામાં બેઠા પરંતુ નાપાસ થયા, પિતાના આગ્રહે ફરીથી પરીક્ષા આપતાં પાસ થયા. રોહતકમાં વકીલાત શરૂ કરી.

1883માં લાહોરમાં સ્થપાયેલી દયાનંદ ઍંગ્લો વર્નાક્યુલર કૉલેજને પગભર બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી. રોહતક છોડી તેઓએ હિસાર અને પછી લાહોરમાં વકીલાત શરૂ કરી. 1885માં રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ની સ્થાપના થઈ. 1897માં પૂનામાં ફાટી નીકળેલા ભયંકર પ્લેગ સમયે, ભીષણ દુષ્કાળ સમયે, અનાથ, પીડિત અને દુઃખી ભાઈભાંડુઓને મદદ કરવા માટે, અનાથાશ્રમો સ્થાપવા માટે કે લાચાર હિંદુઓને ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ધર્માંતર કરાતા પ્રયાસો સામે લાલાજીએ દિનરાત એક કરીને આપણી સમક્ષ એક અનોખું અને પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડ્યું. 1904ના કૉંગ્રેસ અધિવેશનમાં ટિળક-ગોખલેનો ભેટો થયો; જે પાછળથી 'લાલ-પાલ-બાલ'ની ત્રિમૂર્તિ-મૈત્રીમાં પરિણમ્યો. તેમણે 'ગોરીબાલ્ડી', 'છત્રપતિ શિવાજી', 'શ્રદ્ધાનંદજી', 'શ્રીકૃષ્ણ' એમ કુલ ચાર પુસ્તકો લખ્યાં. તેમણે ત્રણ-ત્રણ વાર ઈંગ્લેન્ડ જઈ ભારતની પરતંત્ર પરિસ્થિતિની અને ભારતના લોકોની માગણી પર ઠેર ઠેર વ્યાખ્યાનો આપી લોકમત જાગૃત કર્યો. દાદાભાઈ નવરોજીએ આપેલ 'સ્વરાજ', 'સ્વદેશી' અને 'બહિષ્કાર'નાં આંદોલનોને દેશભરમાં 'લાલ-બાલ-પાલ'ની ત્રિપુટીએ ગૂંજતાં કર્યા. લાલાજીએ 'પંજાબી' મુખપત્ર દ્વારા અંગ્રેજોનાં વલણો અને કાયદાઓની સખત ઝાટકણી કાઢી. તેમને છ માસની જેલની સજા થઈ ! ઠેર ઠેર રાષ્ટ્રીય શિક્ષણ આપતી હાઈસ્કૂલો અને કૉલેજો સ્થાપવામાં, પંજાબ નેશનલ બૅન્કની સ્થાપનામાં, લાહોર મ્યુનિસિપાલિટીના વહીવટમાં, મહાત્મા ગાંધીજીએ આરંભેલી અસહકારની ચળવળમાં લાલાજી જીવ્યા ત્યાં સુધી મોખરે રહ્યા.

આવા પ્રખર દેશભક્ત લાલા લજપતરાય 30 મી ઑક્ટોબરના રોજ સાયમન કમિશનનો બહિષ્કાર કરવા કાઢેલા સરઘસની આગેવાની લેવા બદલ અંગ્રેજ પોલીસોના આડેધડ મૂઢ લાઠીમારથી 17 નવેમ્બર, 1928ના રોજ અમર શહીદીને વર્યા. તેમણે આ મૂઢ માર પછી કરેલી આર્ષવાણી - **'મને મારેલી પ્રત્યેક લાઠીના કારમા ઘા બ્રિટિશ સામ્રાજ્યના કફનનો એક એક ખીલો પુરવાર થશે.'** સાચી જ પડી. દીનબંધુ એન્ડ્રુઝે સમગ્ર ભારતની હૃદયલાગણીને વ્યક્ત કરતી શ્રદ્ધાંજલિ તેમને અર્પી અને કહ્યું, **'તેઓ હંમેશાં બહાદુર અને નીડર પુરુષ હતા. તેઓ વીરોના પણ વીર હતા** અને આના કરતાં તેઓ કયું સારું મૃત્યુ વાંછત ?'

(સંકલન)

('વાસરિકા : વ્યક્તિવિશેષ' પુસ્તિકામાંથી સાભાર)

"સફળ માણસ બનવાના પ્રયત્નો કરવા કરતાં મૂલ્યનિષ્ઠ માનવ બનવું વધુ સારું છે."
**— આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

# હા, હું કરી શકું છું...

• કમલેશ શુકલ •

કેળવણી બાળકોને માત્ર પ્રજ્ઞાવાન જ નહીં પણ પ્રાણવાન પણ બનાવે છે. ગાંધીજીએ કેળવણીની સુંદર વ્યાખ્યા આપી છે -

**Education is development of 3H. Hand, Head અને Heart** ને કેળવે-ખિલવે તે જ સાચી કેળવણી. બાળકો મહેનતુ બને, બુદ્ધિમાન બને અને લાગણીશીલ બને. કેળવણી દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થવો જોઈએ.

કેળવણી કે શિક્ષણનું સૌથી મોટું કાર્ય બાળકોમાં આત્મવિશ્વાસ જગાડવાનું છે, ખિલવવાનું અને કેળવવાનું છે.

રામસેતુનું નિર્માણ થતું હતું એ પહેલાં દરિયો ઓળંગીને હનુમાનજીને સીતામૈયાની શોધમાં લંકા જવાનું હતું. હનુમાનજી દરિયાકિનારે ઊભા કંઈક વિચારતા હતા ત્યારે જાંબુવન હનુમાનજીને કહે છે -

“આ દરિયો તમે ઓળંગી શકો છો. તમારામાં આ ક્ષમતા રહેલી છે.” હનુમાનજીનો આત્મવિશ્વાસ આ સાંભળી વધી જાય છે અને હનુમાનજી એ કાર્ય કરી શકે છે.

‘જાંબુવન જેવું કાર્ય’ દરેક શિક્ષકે કરવાનું હોય છે. આપણે બાળકોને વારંવાર કહેવાનું છે -

“હા, તમે કરી શકો છો.”

(yes, you can do)

શબ્દ પણ બ્રહ્મ છે. શબ્દો તારે પણ ખરા અને શબ્દો મારે પણ ખરાં. શબ્દો ઠારે પણ ખરા અને શબ્દો બાળે પણ ખરા. શબ્દો સજાવી પણ દે અને શબ્દો સળગાવી પણ દે. શબ્દો બનાવી પણ દે અને શબ્દો બગાડી પણ દે. આ દુનિયા (World) શબ્દ (Word)થી શોભાયમાન છે.

To speak right words at the right time in the right way with the right manner is very important.

મધર ટેરેસા લખે છે -

**“હું જે કરી શકું છું, તમે તે કરી શકતા નથી. તમે જે કરી શકો છો તે હું નથી કરી શકતી પરંતુ હું અને તમે ભેગા મળી મહાન કાર્યો કરી શકીએ છીએ.”**

આપણી શાળાઓમાં પણ આ વાત સમજવા જેવી છે. શિક્ષકો જે કરી શકે છે તે વિદ્યાર્થીઓ નથી કરી શકતા. વિદ્યાર્થીઓ જે કરે છે તે શિક્ષકો નથી કરી શકતા પરંતુ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભેગા મળી મહાન કાર્યો કરી શકે છે.

તરૂણાવસ્થાની સૌથી મોટી સમસ્યા છે –

Lack of self - confidence (આત્મવિશ્વાસની ઊણપ)

વર્ગખંડોમાં ઘણાં બાળકો કહેતા હોય છે –

“સાહેબ, એ મને ના આવડે... એ મારું કામ નહીં... હું એ ના કરી શકું.” વગેરે વગેરે...

ઘણીવાર શિક્ષકો પણ વર્ગખંડમાં બાળકોને કહેતા હોય –

“રહેવા દે, એ તારું કામ નહીં... એ તને ના આવડે... તું આ કરી જ ના શકે... તું ચિત્ર ના દોરી શકે... તું કોયડો ના ઉકેલી શકે... એ તારા ગજા બહારની વાત છે... તું નબળો છે... તું જીવનમાં કશું નહીં કરી શકે... તું નાપાસ જ થવાનો !” વગેરે વગેરે...

આપણે જેવા શબ્દો બોલીએ છીએ તેની હકારાત્મક કે નકારાત્મક અસર જરૂર થાય છે.

એકવાર બે બાળકો કૂવા કાંઠે રમતા હતા. એક દસ વર્ષનું બાળક અને બીજું પંદર વર્ષનું બાળક હતું. કનુ નાનો અને મનુ મોટો. રમતાં રમતાં મનુ કૂવામાં પડી ગયો. કૂવો ગામના પાદરે હતો. સૂમસામ જગા હતી. કૂવામાં મનુ “બચાવો... બચાવો”ની બૂમો પાડવા લાગ્યો. કોઈ મદદે આવે એમ હતું નહીં સિવાય કે કનુ. કૂવાકાંઠે રસ્સી અને ડોલ પડેલાં હતાં. કનુએ

“શિક્ષણ એ વ્યવહારજીવનમાં બીજાઓ પ્રત્યેના આપણાં વલણો, કાર્યો, ભાષા અને વર્તણૂકનું નામ છે.”

**– બરાક ઓબામા**

ડોલ કૂવામાં ઊતારી. મનુ ઉંમરમાં પણ મોટો હતો અને શરીરમાં પણ ભારે. કનુ માટે મનુને બચાવવાનું કામ લગભગ અશક્ય હતું. બંને જીગરજાન મિત્રો હતા. કનુએ પૂરી તાકાત લગાવી મનુને કૂવાની બહાર ખેંચી લીધો. મનુને બચાવી લીધો. બંને મિત્રો ગામમાં ગયા. આ વાત ગ્રામજનોને કહી. કોઈ માનવા તૈયાર હતું નહીં. બધાને મોઢે એક જ વાત હતી – મોટાને નાનો કૂવામાંથી બહાર ખેંચી જ ના શકે... બિલકુલ અશક્ય. બાળકો ખોટું બોલી રહ્યા છે.''

એક વડીલ સજ્જને આત્મવિશ્વાસથી કહ્યું, ''બાળકો જે કહે છે તે તદ્દન સાચી વાત છે. કનુએ જ મનુને કૂવામાં ડૂબતાં બચાવી લીધો છે.'' બધા ગ્રામજનો કહેવા લાગ્યા -''એ કેવી રીતે શક્ય બને ? માન્યામાં જ નથી આવતું.''

એક સદ્‌ગૃહસ્થે સુંદર જવાબ આપ્યો –

''એ એટલા માટે શક્ય બન્યું કે એ સમયે ત્યાં કનુને કોઈ રોકવા, ટોકવા કે કહેવાવાળું કોઈ જ હતું નહીં કે, ''તું આ નહીં કરી શકે... આ કામ તારું નથી... તું રહેવા દે... તારા ગજા બહારની વાત છે.''

બાળકો ઘણીવાર નિષ્ફળ જાય, સાચો જવાબ ન આપી શકે, પ્રાર્થનાસભામાં કલાઉત્સવમાં, ખેલમહા-કુંભમાં, યુવક મહોત્સવમાં કે સાંસ્કૃતિક પ્રવૃત્તિના તાસમાં સારી રજૂઆત કે દેખાવ ન કરી શકે. વર્ગખંડમાં બોલવામાં ભૂલ કરે, પ્રશ્નનો સાચો જવાબ ન આપી શકે, લખવામાં, વાંચવામાં ભૂલ કરી બેસે, ચિત્ર સારું ના દોરાય કે ગાવામાં રાગ ના કાઢી શકે ત્યારે તેમના આત્મવિશ્વાસને આપણે સૌએ વધારવાનો છે. ગુસ્સો કરવાની, રોકવા કે ટોકવાની બિલકુલ જરૂર નથી. જો એમ કરીશું તો બાળકો બીજીવાર બોલવાની પ્રવૃત્તિમાં ભાગ લેવાની હિંમત જ નહીં કરે.

આપણે એટલું જ કહેવાનું છે –

''બહુ જ સરસ... સુંદર... હજુ વધુ પ્રયત્નો કરો. બીજી વખત આનાથી પણ સારું થઈ શકે છે. તમારામાં ક્ષમતા છે.''

આપણે સૌ જાણીએ છીએ કે 'વર્લ્ડકપ'ની ફાઈનલ મૅચમાં ભારતીય ક્રિકેટ ટીમનો પરાજય થયો ત્યારે આપણા યશસ્વી અને લોકલાડીલા વડા પ્રધાન મૅચના અંતે ખેલાડીઓના ડ્રેસિંગ રૂમમાં પહોંચી ગયા. દરેક ખેલાડીને રૂબરૂ મળી એની પીઠ થાબડી. નિરાશ ખેલાડીઓને શાબાશી પાઠવી. આ દશ્યો આપણે સૌએ જોયા છે. આ વિડિયો ખૂબ જ વાઈરલ થયો હતો. મોદી સાહેબે હકારાત્મક અભિગમ સાથે સુંદર વાત કહી –

''તમે બધી જ મૅચ જીત્યા છો... તમે વિજેતા જ છો... ફાઈનલમાં હાર થઈ એટલે શું થયું ?''

બાળકો નાપાસ થાય પણ નાસીપાસ તો ન જ થવા જોઈએ. નિષ્ફળતા જ સફળતાની ચાવી છે. જરૂરી નથી કે દરેક બાબતમાં પ્રથમ પ્રયત્ને સફળતા મળી જાય. બાળકોને જો આપણે બિરદાવીશું, તેમને હિંમત આપીશું, તેમની પ્રશંસા કરીશું તો એક વાત નક્કી છે કે તેમના આત્મવિશ્વાસમાં વધારો થશે. ભવિષ્યમાં મહાન કાર્યો કરવા પ્રેરાશે. પરદેશની એક યુનિવર્સિટીના પ્રવેશદ્વાર પર એક વાક્ય લખેલું છે – ''હું જાણું છું, મને ખબર છે કે હું કંઈક ખાસ, વિશિષ્ટ તો છું જ, કારણ કે ઈશ્વરની ફૅક્ટરીમાં કચરો પેદા થતો નથી.''

શિક્ષકનું કાર્ય અને માળીનું કાર્ય બંને સરખાં છે. માળી છોડને પાણી, ખાતર આપી માવજત કરે છે પણ કોઈપણ ફૂલને આકાર, રંગ કે સુવાસ આપી શકતો નથી ! માળીનું કાર્ય છોડને વિકસવા માટે અનુકૂળ વાતાવરણ આપવાનું છે. રંગ, સુવાસ અને આકાર તો તે બીજમાં પડેલાં જ હોય છે !

બાળકોને નથી આવડતું, નથી જાણતા એટલા માટે તો તેઓ શાળામાં શીખવા માટે આવે છે. જો એમને બધું જ આવડતું હોય તો શાળામાં આવતા જ ન હોત.

એકવાર એક મહાન ચિંતકને શિક્ષકે પ્રશ્ન પૂછ્યો –

''મારા વર્ગખંડમાં હું બાળકોને દસ વખત એક ટોપિક શીખવું છું એમ છતાં એમને નથી આવડતો તો મારે શું કરવું ?

ચિંતકે ખૂબ જ સુંદર જવાબ આપ્યો –

''બાળકોને અગિયારમી વાર શીખવવું... જ્યાં સુધી ન આવડે, ના સમજ પડે ત્યાં સુધી શીખવવું.''

દરેક શિક્ષકે 'Skill of appreciation' - કદર કરવાનું કૌશલ્ય કેળવવું જ રહ્યું. બાળકોમાં અનંત શક્તિ રહેલી હોય છે ! આપણે જેમને નબળા માનતા કે સમજતા હોઈએ છીએ એ ભવિષ્યમાં ઘણી વખત ખૂબ ઊંચાઈએ પહોંચતા હોય છે ! કોઈપણ બાળકને 'અન્ડર એસ્ટીમેટ' કરવાની બિલકુલ જરૂર નથી. ગાંધીજી

''ઉત્તમ શિક્ષક પોતાની જાત કરતા તો વધુ મહત્ત્વ વિદ્યાર્થીના વિકસતા-ખીલતા વ્યક્તિને આપે છે, તે પણ અનાગ્રહથી, તેને બિનશરતી હૂંફ આપીને.'' **– મૂળશંકર મો. ભટ્ટ**

બાળપણમાં અભ્યાસમાં તેજસ્વી નહોતા છતાં 'મહાત્મા', 'રાષ્ટ્રપિતા' બન્યા.

આપણે એ માનસિકતામાંથી બહાર આવવાનું જ છે – દરેક વિદ્યાર્થી ડૉક્ટર બને, ઈજનેર બને, ક્લાસવન ઑફિસર બને...!

આપણે એટલું જરૂર સમજાવવાનું છે કે તેઓ જે કંઈ બને એ શ્રેષ્ઠ બને. એ શાકભાજી વેચવાવાળા, ફળો વેચવાવાળા, સુથાર, લુહાર, દરજી, મોચી કે ખેડૂત હોય - એ શ્રેષ્ઠતાને ધારણ કરે. ઉમદા માનવીય મૂલ્યોને કેળવે. સારા માનવી બને.

શાળામાં અભ્યાસ કરતું દરેક બાળક ઉત્સાહથી બોલતું થાય - "yes, I can do" બસ, આ જ ગુરુમંત્ર આપણે બાળકોને શીખવવાનો છે.

**સંપર્ક : એ. પી. ઠાકર હાઈસ્કૂલ,
ગાંઠીઓલ તા. ઈડર, જિ. સાબરકાંઠા**

## 26 જાન્યુઆરી, 'પ્રજાસત્તાક દિન'નું મહત્ત્વ

જાન્યુઆરી માસ ભારત માટે મહત્ત્વનો ગણાય છે. સમગ્ર ભારતમાં તા. 26 જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિનની ઉજવણી ગૌરવભેર થાય છે. ઘણાં વર્ષો સુધી અંગ્રેજોએ આપણાં દેશ ઉપર રાજ કર્યું. અંતે ગુલામીમાંથી મુક્ત થઈ આપણે આઝાદ થયા. ભારતના નાગરિકો પ્રસન્ન થયા. આપણા બંધારણનો અમલ શરૂ થયો. પ્રજાનું રાજ અમલમાં આવ્યું. સૌને વિકાસ માટેની તમન્ના જાગી. એ માટે સૌ પ્રયત્નશીલ થયા. સ્વતંત્રતા મળ્યા પછી ભારતે વિકાસના અનેક ક્ષેત્રોમાં ઘણું ઊંચું સ્થાન મેળવ્યું.

સ્વતંત્ર બંધારણને કારણે ભારતે વિજ્ઞાન, ટૅક્નોલૉજી, શિક્ષણ, કૃષિ, વાહનવ્યવહાર, ઉડ્ડયન, ઉદ્યોગ, વેપાર, રોજગાર, સંદેશાવ્યવહાર, કલા, સાહિત્ય અને પ્રકાશન ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે. આજે ભારતના છેવાડાના ગામ સુધી વીજ સેવા પહોંચી શકી છે. પ્રજાની જ સત્તા અને પ્રજાનો એકમત સાધવા લોકશાહી ઢબે આપણું બંધારણ અમલમાં છે. આજે દેશના નાગરિકને પ્રાથમિક સવલત અને સુખાકારી આપવા આપણું બંધારણ પ્રયત્નશીલ છે. પ્રજા દ્વારા અમલમાં આવેલા આ બંધારણે ભારતને રક્ષણ અને વહીવટી વ્યવસ્થા માટે સારી એવી મદદ કરી છે. એથી જ બંધારણનો અમલ એ આપણા ગૌરવની સ્થાપના છે. આ દિવસે આઝાદી માટેના પ્રેરણાદાયી ગીતો ગવાય છે.

આ દિવસે ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારા ભાઈ-બહેન છે. એવી સમજણ સૌમાં વધારે વિકસે એ માટે સહિયારો પુરુષાર્થ કરીએ. બાળકોમાં રાષ્ટ્રપ્રેમ વિકસે એવા પ્રયત્નો હાથ ધરીએ.

પરસ્પરનો ભાઈચારો, કોમી એખલાસ, સહકાર અને બંધારણનું પાલન દેશને સમૃદ્ધ બનાવશે. બધા જ ધર્મોનો આદર એ માનવતાનો આદર છે. તેમ થશે તો જ પ્રજાસત્તાક રાજ્ય-રાષ્ટ્ર વધારે સફળ થશે. દેશનો વધુ વિકાસ કરવા સારુ વધુ ભણીએ, રાષ્ટ્રપ્રેમ કેળવીએ અને દેશને મજબૂત બનાવીએ.

પ્રજાસત્તાક રાષ્ટ્રને સફળ બનાવવા પ્રજાએ જ આગળ આવવું પડશે. આપણાથી શક્ય તેટલું સારું કરવાનો પ્રયત્ન કરીએ. ચૂંટણી દરમિયાન મત આપવા જરૂર જઈએ. રાષ્ટ્રની મિલકતનું રક્ષણ કરીએ. ભારતમાતાના સાચા નાગરિક બની વિશ્વમાં ભારતનું નામ ઉજ્જવળ કરીએ. જયહિંદ. વંદે માતરમ્.

**લેખન-સંકલન : અશોક સોમપુરા**

વિશ્વના મહાનુભાવો માતૃભાષાની આંગળી પકડીને જ મહાન બન્યા છે.
માતૃભાષાના પાયા પર જ બીજી અનેક ભાષાઓની ઈમારત ચણાય છે. – **મનસુખ સલ્લા**

# રવીન્દ્રનાથ ટાગોરનું શિક્ષણદર્શન...

**• સંકલન •**

'રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 : લેખાંજોખાં' નામના લેખમાં જાણીતા લેખક અને કેળવણીકાર આદરણીય મનસુખભાઈ સલ્લા નોંધતા કહે છે કે – **"કોઈપણ રાષ્ટ્રની શિક્ષણનીતિ એ સૂચિત કરતી હોય છે કે રાષ્ટ્રનું ભવિષ્ય કેવું હશે ? વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સંબંધો અને વિકાસની પ્રક્રિયા કેવી હશે ?"** 1986 પછી 34 વર્ષે 2020માં નવી શિક્ષણનીતિ મંજૂર કરવામાં આવી છે. એ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિના ઘડતરમાં શિક્ષણ સાથે જોડાયેલા અભ્યાસીઓ, અનુભવીઓ, વિષયનિષ્ણાતો, શિક્ષણવિદોના અભિપ્રાયો અને સૂચનો લેવામાં આવ્યા. માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દીર્ઘદષ્ટિ, આંતરસૂઝ, પ્રેરણા અને માર્ગદર્શનથી NEP-2020નું નિર્માણ થયું. 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ'માં મહત્ત્વના ઉદ્દેશો સાથે ઉમદા અભિલાષાઓ પ્રગટ કરવામાં આવી છે. 27 પ્રકરણો અને પરિશિષ્ટો સાથે કુલ 600 પાનાંના અહેવાલનો શિક્ષણપ્રેમીઓ અને શિક્ષણકારોએ અભ્યાસ કર્યો. રાજ્યોમાં તેનું આયોજન અને અમલીકરણ પણ તરત શરૂ થઈ ગયું છે.

વર્ષો અગાઉ વિશ્વકક્ષાના કેળવણીના વિચારો અને આગવું શિક્ષણદર્શન રજૂ કરનાર અનેક મહાન ભારતીય કેળવણીકારો છે. મહાત્મા ગાંધીજી, રવીન્દ્રનાથ ઠાકુર (ટાગોર), શ્રી અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ, ગિજુભાઈ બધેકા, વિનોબા ભાવે, સ્વામી વિવેકાનંદ, ડૉ. રાધાકૃષ્ણન્ વગેરે અનેક કેળવણીકારોના વિચારોમાંથી ઘણુંબધું ગ્રહણ કરવા યોગ્ય જે લાગ્યું તેવું શિક્ષણચિંતન 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020'માં જોવા મળે છે. પ્રાચીન ભારતની શિક્ષણપ્રેમી અનેક પ્રતિભાઓએ પણ શિક્ષણ અને કેળવણી વિશે આગવું દર્શન બતાવ્યું છે. આવા અનેક મહાનુભાવોનાં જીવનદર્શન અને શિક્ષણદર્શનનો અભ્યાસ શિક્ષણક્ષેત્રે કામ કરતાં સૌ કોઈએ એકવાર કરી લેવા જેવો ખરો. આપણે અત્રે આ મૅગેઝિનમાં કેટલાક શિક્ષણકારોના શિક્ષણદર્શનને લેખશ્રેણી રૂપે ક્રમશઃ અંકમાં રજૂ કરવા પ્રયત્ન કરીશું. અત્રે સૌપ્રથમ રવીન્દ્રનાથ ટાગોરનું શિક્ષણદર્શન સંક્ષેપમાં સંકલિત કર્યું છે.

સાંપ્રત વિશ્વ ભારતને મુખ્ય ત્રણ વિભૂતિઓ દ્વારા ઓળખે છે : (1) કવિવર રવીન્દ્રનાથ ઠાકુર (ટાગોર) (2) મહાત્મા ગાંધી અને (3) સ્વામી વિવેકાનંદ. ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા તરીકે રવીન્દ્રનાથ ટાગોરની પ્રતિભા ઋષિકુળની પરંપરાની યાદ આપી જાય છે. તેઓ સંસ્કૃતિના ચિંતક અને પુરુષાર્થના પ્રતિનિધિ હતા. ગાંધીજી ટાગોરને **'ભારતીય સંસ્કૃતિના અભયરક્ષક'** કહેતા.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર માત્ર કવિ જ ન હતા, સર્જક, સાહિત્યકાર, કેળવણીકાર, સંગીતકાર, ચિત્રકાર અને ચિંતક પણ હતા. રૂઢ કેળવણીનાં અનિષ્ટોનાં ઝેર તેમણે પણ પીધાં હતાં. માટે જ તેમને **'નૂતન શિક્ષણના પ્રયોગો'** પોતાની રીતે કરવાની અદમ્ય ઝંખના હતી. એ માનતા કે, **'બાળક એ કુદરતની સર્વોત્તમ કળાનું પ્રતીક છે, ચેતના અને આનંદનો ઝરો છે.'** શિક્ષણે એ ઝરાને વિકસાવવો અને વહેવડાવવો જોઈએ અને એ માટે જ કુદરતના સાંનિધ્યમાં શિક્ષણની સંસ્થા હોવી જોઈએ એમ તેઓ માનતા. કુદરતના ખોળે ભ્રમણ કરી બાળક શિક્ષણ મેળવે એવો તેમનો આગ્રહ હતો. કુદરતના ખોળે રમતા દરેક બાળકની જુદી જુદી વિશિષ્ટતા હોય છે.એ વિશિષ્ટતાને પોષે એવું સાહિત્ય, સંગીત અને કલાનું શિક્ષણ બાળક મેળવે અને સર્જનનો આનંદ માણે એ એમની ફિલસૂફીનો સાર હતો.

શિક્ષણ દ્વારા સ્વાતંત્ર્યની તાલીમ મેળવવાના તેઓ હિમાયતી હતા. પણ સાથે સાથે બહારથી લદાયેલી જડ શિસ્તના એ પ્રખર વિરોધી હતા. તેઓ **મુક્ત શિસ્તના આગ્રહી હતા. બાળકને એની માતૃભાષા દ્વારા શિક્ષણ આપવું જોઈએ** અને શિક્ષણમાં રમત તેમજ કવાયતને પણ પૂરું સ્થાન આપવું જોઈએ એમ તેઓ દૃઢપણે માનતા હતા. વળી, તંદુરસ્ત તન અને મન દ્વારા બાળકનો આત્મા આનંદ પ્રાપ્ત કરી શકે અને વ્યક્ત કરી શકે એવી શિક્ષણપદ્ધતિ તેમણે ઊભી કરી. પોતાના શિક્ષણના દર્શનની સિદ્ધિ માટે બંગાળમાં **'શાંતિનિકેતન'** અને

શિક્ષક પોતે શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે. **– રવીન્દ્રનાથ ટાગોર**

**'વિશ્વભારતી'** નામની શિક્ષણસંસ્થાઓ સ્થાપી અને તે દ્વારા નૂતન શિક્ષણનો સંદેશ તેમણે વિશ્વવ્યાપી બનાવ્યો. ગાંધીજી તો કહેતા, **'શાંતિનિકેતન એ જ ભારત'** છે. ટાગોરના ગીતસંગ્રહ **'ગીતાંજલિ'**ને વિશ્વવિખ્યાત નૉબેલ પારિતોષિક મળ્યું છે.

ટાગોર માનતા હતા કે, **"બાળક જન્મે છે ત્યારે વિશ્વમાં આનંદ માણવાના નિસર્ગદત્ત વલણ સાથે જન્મે છે. પણ પરંપરાગત શિક્ષણની પ્રણાલી જે પુસ્તકો અને જડ શિસ્ત પર ભાર મૂકે છે, તેનાથી આ કુદરતી આનંદ માણવાની વૃત્તિ કચડાઈ જાય છે અને કુદરત પાસેથી સીધું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઝંખના શાળાના કૃત્રિમ વાતાવરણમાં નાશ પામે છે. શાળાની દીવાલો સાચા કુદરતી જ્ઞાનથી બાળકને વંચિત બનાવે છે. કુદરતના ખોળામાં બાળકને મૂકી તેને જ્ઞાન પ્રાપ્ત કરવા દેવું જોઈએ."** અન્ય પ્રકૃતિવાદીઓની માફક ટાગોર પણ કુદરતને **'બાળકના શ્રેષ્ઠ ગુરુ'** તરીકે માને છે અને તેટલા માટે બાળકો શિક્ષણપ્રાપ્તિ વખતે કુદરતથી વીંટળાઈને બેસે એ આવશ્યક છે એમ તેઓ માનતા. તેઓ કહેતા કે, "પ્રભાતે પક્ષીના કિલકિલાટ, સાંજે નમણી સંધ્યાની છાંય, રાતે ટમટમતા તારલિયાનો રૂપેરી પ્રકાશ, પવનની સ્ફૂર્તિદાયક લહરીઓની લપડાકો અને ઋતુરાણીના વિધવિધ પલટાતા રંગો, વાતાવરણની વિશાળતા, સંગીતની મીઠાશ-આવી કુદરતી ભૂમિકામાં જ શિક્ષણ ઉત્તમ રીતે ફલદાયી બની શકે. 'ગુરુદેવે શાંતિનિકેતનના પ્રતીકમાં **'વિશ્વ એક માળો છે'** એવું સૂત્ર મૂક્યું છે.

ગંગા-જમનાની માફક ગુરુદેવ ટાગોરની શૈક્ષણિક-તાત્ત્વિક વિચારસરણીમાં પ્રકૃતિવાદ અને આદર્શવાદની સ્પષ્ટ ને સુરેખ સરિતા વહેતી દેખાય છે. તેમનો **'શાંતિનિકેતન'**નો શિક્ષણનો મહાન પ્રયોગ તેમની **'પ્રકૃતિવાદી'** અને **'આદર્શવાદી'** બંને પ્રકારની વિચારધારાનું ફળ છે. તેઓ માનતા કે **સર્જનાત્મક ક્રિયા દ્વારા વ્યક્તિત્વનો વિકાસ થાય છે.** તેમણે **ગાયન, વાદન, નૃત્ય, નાટક અને આત્મપ્રકાશનાં સાધનો પર વધુ ભાર મૂક્યો છે. તેઓ સર્વ શક્તિમાન ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવે છે. શિક્ષણ દ્વારા જ ચારિત્ર્યનિર્માણ પર ભાર મૂક્યો છે.**

તેઓએ હંમેશાં બાળકોને શિક્ષણ માટે વિશાળ ને સંપૂર્ણ અનુભવો પૂરા પાડવાની હિમાયત કરી હતી. પુસ્તકિયા શિક્ષણ અને શબ્દોની જોહુકમી સામેનો તેમનો વિરોધ અન્ય પ્રકૃતિવાદી વિચારકો જેવો જ છે. **બાળકોને નાનપણથી જ માતૃભાષાનું શિક્ષણ આપવું જોઈએ** એવો તેમનો આગ્રહ હતો. શિક્ષણમાં શારીરિક કેળવણી અને રમતગમતને પણ સારું મહત્ત્વ તેમણે આપ્યું હતું અને તેઓ પણ 'શાંતિનિકેતન'ની આવી પ્રવૃત્તિઓમાં છૂટથી ભાગ લેતા. અભ્યાસક્રમની બાબતમાં શિક્ષણની તમામ બાબતમાં ગુરુદેવ વિદ્યાર્થી પર બહારથી કાંઈપણ લાદવાની વિરુદ્ધ હતા. અભ્યાસક્રમની પસંદગીમાં તેમણે વિદ્યાર્થીની સ્વયંસ્ફુરિત રુચિને આગવું મહત્ત્વ આપ્યું છે. અસ્તુ.

– હર્ષદભાઈ બી. શાહ
80, પરમેશ્વર-2, ચાંદખેડા, અમદાવાદ - 382 424

## સ્વામી વિવેકાનંદના કેળવણી વિષયક વિચારો

- "શિક્ષણ તમને માત્ર ભૌતિક રીતે જ સમૃદ્ધ બનાવે તેવું ન હોવું જોઈએ. તમારામાં માનવજગત અને તેના ઉત્થાન માટેની ભાવના જગાવે તે તેની અનિવાર્યતા છે."
- "શિક્ષણના તમામ વિષયો, અભ્યાસક્રમ એવા હોવા જોઈએ જે આપણી પરંપરા, ઋષિમુનિઓએ કરેલાં સંશોધનો, જ્ઞાનને યથાર્થ પુરવાર કરે. તમે નહીં કરો તો વખત જતાં તેવું આપોઆપ થવાનું જ છે. આપણું શિક્ષણ સૃષ્ટિના સર્જનહાર પ્રત્યે સદ્ભાવ વધે તેવું હોવું જોઈએ. બૌદ્ધિકો અને નાસ્તિકો સર્જવા માટેનું શિક્ષણ ન જ હોઈ શકે."
- "મનુષ્યમાં પ્રથમથી જ રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ એટલે કેળવણી. જે અભ્યાસથી ઇચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય તે છે કેળવણી. માહિતી કે હકીકતોનો ઢગલો તેમાં ભરી દેવો તે કેળવણી નથી. સર્વ ઇન્દ્રિયોને સંપૂર્ણ રીતે કાર્યશીલ બનાવી પોતાના મનના પૂર્ણપણે માલિક બનવું તે કેળવણીનો આદર્શ છે."
- "જીવીએ ત્યાં સુધી શીખીએ.. ઉત્તમ શિક્ષણનું ધ્યેય માનવીનો કે વ્યક્તિનો સર્વાંગી વિકાસ છે... જે માનવીને પોતાના પગ ઉપર ઊભો રહેતાં શીખવે તે સાચી કેળવણી."

**(સંકલન)**

"કેળવણી એ વ્યક્તિવિકાસ અને સામાજિક પરિવર્તનનું મુખ્ય સાધન છે."
**– ઉમાશંકર જોશી**

# મોસમ આવી પરીક્ષાની

• જાગૃતિ વકીલ •

માર્ચ મહિનો આવતા જ તમામ ક્ષેત્રે વર્ષભરના તમામ નાણાકીય હિસાબો પૂરા થતાં હોય એ સાથે વિદ્યાર્થીજીવનના વર્ષનું સરવૈયું પણ કાઢવાનું હોય એમ પરીક્ષાની મોસમ શરૂ થાય છે, એ સમયે થોડી અગત્યની બાબતો યાદ આવતા આજે સહુ સાથે તે વાગોળવાનું ગમશે.

સફળતાનું સૂત્ર જરૂર યાદ રાખવા જેવું છે. **સફળતા = ઊંચું ધ્યેય + હકારાત્મકતા + દૃઢ આત્મવિશ્વાસ + ધીરજ.**

૧) **ઊંચું ધ્યેય : 'નિશાનચૂક માફ નહીં, માફ નીચું નિશાન'** એ ઉક્તિ મુજબ સફળતાનું પ્રથમ પગથિયું ઊંચું ધ્યેય રાખવાનું છે. જીવનમાં એક નિશ્ચિત ધ્યેય હોવું જોઈએ અને તેને ધ્યાનમાં રાખીને યોગ્ય મહેનત કરો તો જરૂર ઇચ્છિત સફળતા મેળવી શકાય છે.

૨) **હકારાત્મકતા :** હકારાત્મક અભિગમ કોઈપણ સફળતા માટેનું અગત્યનું બીજું પગથિયું છે. દરેક કાર્ય માટે અને નિશ્ચિત ધ્યેય માટે મનમાં સતત હકારાત્મકતા રાખવી જરૂરી છે.

૩) **દૃઢ આત્મવિશ્વાસ :** બધી જ સફળતાનો મૂળ પાયો આત્મવિશ્વાસ છે. કહેવાય છે ને કે ભગવાન પણ તેને જ મદદ કરે છે જે ખુદને મદદ કરે છે.

૪) **ધીરજ :** કોઈપણ યોગ્ય આયોજન દ્વારા નિશ્ચિત ધ્યેય સુધી પહોંચવા ધીરજનો ગુણ કેળવવો પણ જરૂરી છે.

સફળતાની સીડી પાર કરવા અને ટોચ પર પહોંચવા માટેનું આ સૌથી અગત્યનું પગથિયું છે: **હાર્ડ વર્ક + સ્માર્ટ વર્ક.** આપણે આયોજનો ખૂબ કરીએ છીએ અને પરિશ્રમ પણ ખૂબ કરીએ છીએ પણ તેમાં માત્ર થોડી યોગ્ય સજ્જતા ઉમેરવાની જરૂર છે જેથી ઓછી મહેનતે વધુ સફળતા મળે એટલે કે જે કાર્ય કરીએ તે **'હાર્ડ વર્ક સાથે સ્માર્ટ વર્ક'** હોવું જોઈએ.

પ્રથમ વાત કરીએ વાંચનની. વાંચન દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ થાય છે. નાનું બાળક બાલ્યાવસ્થામાં ચિત્રવાર્તા, બાળપૂર્તિઓ વાંચે, કિશોરાવસ્થામાં અન્ય વાર્તાઓ સાથે સાહસવાર્તાઓ જોડાય. અભ્યાસકીય વાંચન તો ફરજિયાત હોય જ પણ તેને અનુરૂપ સંદર્ભ પુસ્તકો પણ વાંચે. વૃદ્ધાવસ્થામાં ધાર્મિક પુસ્તકો તરફ લગાવ વધે. પણ આજે વાત કરવી છે કારકિર્દીના મહત્ત્વના તબક્કે ઊભેલા વિદ્યાર્થીએ પરીક્ષાને અનુરૂપ કેવું વાંચન કરવું જોઈએ તે મુદ્દાઓ જોઈએ. બાળક યોગ્ય દિશામાં મહેનત કરે તે માટે આટલું જરૂરી છે :

- સ્વસ્થ શરીર, નિયમિત જીવનશૈલી અને પોષણક્ષમ આહાર દ્વારા મન સ્વસ્થ રહે છે. આથી બાળકની જીવનચર્યા યોગ્ય રીતે ગોઠવાય તે જરૂરી છે, જેમાં સમજપૂર્વકના, શાંત અને સ્વસ્થ વાંચનને અનુરૂપ સમય રાખો તે યોગ્ય રહે.
- વાંચન શરૂ કરતાં પહેલાં થોડો સમય ધ્યાન-યોગનો સમય ફાળવવાથી મન એકાગ્ર બને છે જેથી ઓછા સમયમાં વધુ યાદ રહી શકે.
- ઊંઘ માટે પૂરતો સમય ફાળવવો જરૂરી છે.
- વાંચનનું આયોજન દૈનિક થાય તથા બાળકની ક્ષમતા મુજબ નિયમિત અને પરીક્ષાના છેલ્લા દિવસ સુધીનું વ્યવસ્થિત રીતે થાય તે ખૂબ જરૂરી છે.
- વર્ષની શરૂઆતના દિવસોમાં વિદ્યાર્થી 10 કલાક જેટલો સમય ભણવા પાછળ ફાળવતા હોય છે. બાકીના કલાકોમાં પૂરતી ઊંઘ સાથે સરખું વાંચન-લેખનનું ભારણ આવે તે રીતે ટાઈમટેબલ ગોઠવવું.
- પરીક્ષા નજીક હોય ત્યારે રાત્રે મોડે સુધી જાગીને વાંચે એ કરતા પૂરતી ઊંઘ લીધા પછી સ્વસ્થ મને અને વહેલા ઊઠીને વાંચે તો વધુ સારી રીતે યાદ રહી શકે છે.
- શક્ય હોય ત્યાં સુધી રોજનું વાંચન કરવાથી છેલ્લી ઘડીનું ભારણ ઘટે છે. અધ્યયન સાથે રોજનો લેખિત મહાવરો કરવાની પણ ટેવ પાડવી જોઈએ.
- સતત વાંચન કરતી વખતે દર એક કલાકે બે થી પાંચ

"આચાર્યના ત્રણ ગુણલક્ષણ છે. - તે શીલવાન, પ્રજ્ઞાવાન અને મા જેવો કરુણાવાન હોય છે."

**– વિનોબા ભાવે**

મિનિટ ઊઠી જવું, ચાલવું, હળવાં ઊંડા શ્વાસ લેવા જેવી પ્રક્રિયાઓ કરવી જેથી એકાગ્રતા જળવાઈ રહે.

- આ સમયે ટીવી કે મોબાઈલને શક્ય હોય ત્યાં સુધી પોતાનાથી દૂર રાખવા.

પરીક્ષાખંડમાં પહોંચવા સુધીનું આપણું આયોજન કંઈક આવું હોવું જોઈએ :

- પરીક્ષામાં બે દિવસ એટલે કે 48 કલાક અગાઉ માઈન્ડ મેપ, મુદ્દાઓના ચાર્ટ, ભીંતચિત્રો, આકૃતિના ચાર્ટ વગેરે દ્વારા જ પુનરાવર્તન કરો.
- બિનજરૂરી વિચારોથી દૂર રહો. એ જ રીતે બિન જરૂરી ચર્ચા ટાળો. ઘરમાં કે મિત્રો સાથે વાદવિવાદ કે પરીક્ષા સંદર્ભે કોઈ જ ચર્ચા ન જ કરવી.
- કોઈ પ્રશ્ન કે મુદ્દો તૈયાર કરવાનો રહી જતો નથીને ? એ ચેક કરી લેવું. જો કોઈ મુદ્દો રહી જતો હોય તો હવે તેને ભૂલી જાવ અને જેટલા મુદ્દા તૈયાર કર્યા હોય તે જ યાદ રાખો.
- બોર્ડની રસીદની એક ઝેરોક્ષ ઘરમાં એવી જગ્યાએ રાખો કે જે ઘરની તમામ વ્યક્તિઓને ખ્યાલ હોય. પરીક્ષા આપવા જતી વખતે જો રસીદ બાબતે કોઈ ગરબડ થાય તો શાળાના આચાર્ય, વર્ગશિક્ષકનો કે શાળાનો સંપર્ક કરવો.
- મગજને હકારાત્મક સંદેશો આપતા રહો અને જે વાંચ્યું છે તે બધું જ મને યાદ છે અને હું જે ઈચ્છું છું, તે મેળવવામાં સફળ થઈ રહ્યો છું/રહી છું એવો જ વિચાર કરો.
- પરીક્ષાના દિવસે અને પરીક્ષાખંડમાં ઘેરથી નીકળતી વખતે ઈષ્ટદેવતા, માતા-પિતા અને વડીલોને પગે લાગી સ્વસ્થ મને પૂરતી તૈયારી (રસીદ, પરીક્ષા માટે જરૂરી સાધનસામગ્રી, નિયમ મુજબ પારદર્શક પાણીની બોટલ, પારદર્શક રાઈટિંગ પેડ વગેરે) કરી નીકળો.
- કપડાં આરામદાયક અને સુતરાઉ પહેરવાં જેથી પરીક્ષાખંડમાં ત્રણથી સાડા ત્રણ કલાક સરળતાથી, સ્વસ્થતાપૂર્વક, શાંતિથી બેસી શકાય.
- પરીક્ષાખંડમાં પ્રવેશ્યા પછી બિલકુલ મૌન બેસો, ઊંડો શ્વાસ લેવો, ઈષ્ટદેવને યાદ કરો, ખંડનિરીક્ષક દ્વારા અપાતી સૂચના ધ્યાનથી સાંભળીને પાલન કરો, બિનજરૂરી વિચારો, ડર અને નકારાત્મકતાથી દૂર રહો.
- પ્રશ્નપત્ર મળે એટલે તેમાં આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચી લો. ઉત્તરવહી પરની બધી વિગત ખૂબ શાંત ચિત્તે વાંચો. છેકછાક કર્યા વગર જવાબો લખવાનું શરૂ કરવું.
- જવાબવહી પર નંબર આંકડામાં અને શબ્દોમાં લખતી વખતે એક જ લિપિમાં, વ્યવસ્થિત છેકછાક વગર લખો તથા અન્ય માહિતી ચીવટપૂર્વક ભરવી.
- આવડતા તમામ પ્રશ્નોના જવાબ પ્રથમ લખો. પણ ખાસ યાદ રાખો કે પેટા પ્રશ્નો કદી અલગ ન પાડો. સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે યોગ્ય મુદ્દાઓ પાડી લખવું. ન આવડતા પ્રશ્ન પાસે અટકી ન જતા જવાબની જગ્યા છોડી આગળ વધવું અને છેલ્લે વિચારીને તેનો જવાબ લખવો.
- દરેક વિભાગ લખાઈ ગયા પછી ચકાસવું કે કોઈ પેટા પ્રશ્ન ભુલાઈ નથી ગયો ને ? જો ભુલાઈ ગયો હોય તો જરા પણ ઉચાટ વગર શાંતિથી પૂર્ણ કરી લો.
- જો પુરવણી લીધી હોય તો, ઉત્તરવહી નંબર, પુરવણીની સંખ્યા નોંધો. પુરવણી લેતી વખતે તેના પર નંબર આપો અને દરેક વિગત સારી રીતે પૂર્ણ કરો. છેલ્લે પુરવણી બાંધતી વખતે ચીવટપૂર્વક ક્રમશઃ વ્યવસ્થિત બાંધવી.
- પરીક્ષાખંડમાંથી નીકળ્યા પછી પેપરનું સૉલ્યુશન કે મિત્રો સાથે ચર્ચા ન જ કરો,

વાલીએ પરીક્ષા આપતા પુત્ર/પુત્રીને કઈ રીતે મદદરૂપ થવું જોઈએ તે મુદ્દાઓ જોઈએ તો....

- વાલીઓએ બોર્ડનો કે કોઈપણ પરીક્ષાનો હાઉ પ્રથમ જાતે દૂર કરવો અને ત્યાર બાદ બાળકને તેમાંથી મુકત રહેવા મદદ કરવી.
- સમગ્ર અભ્યાસક્રમનું પરીક્ષાને અનુરૂપ દૈનિક અને વાર્ષિક બંને આયોજન શિક્ષિત વાલીએ બાળક સાથે મળીને કરી નાખવું જોઈએ.
- બાળકને પ્રેરણાસ્રોત પૂરા પાડવા માટે વાલીએ મહાન વ્યક્તિનાં જીવનચરિત્રની વાતો કરવી.
- ગત વર્ષના ખૂબ તેજસ્વી રૅન્કવાળા વિદ્યાર્થીઓને

"કેળવણી તો જન્મથી મૃત્યુપર્યંત ચાલનારી અખંડ સાધના છે."

— દક્ષેશ ઠાકર

મળી તેમની વર્ષભરની અભ્યાસ પદ્ધતિ મળે તો તે મુજબ આયોજન કરવા બાળકોને પ્રેરવા.

- વાલીઓ કે વડીલો દ્વારા બાળકને વારંવાર ટોક રોક ન કરવાં. અન્ય બાળક સાથે સરખામણી ન કરવી
- ખાસ અન્યની હાજરીમાં પોતાના બાળકને ઉતારી ન પાડવા અથવા તેની ખામીઓ ન દેખાડવી જોઈએ.
- ઘરનું અને આસપાસનું વાતાવરણ બાળકને ખાસ અસર કરે છે તેથી ઘરમાં ખાસ શાંત વાતાવરણ રાખો. ઘરમાં સુમેળ અને સંવાદિતાભર્યું વાતાવરણ રાખવા સાથે બાળકને સતત પ્રોત્સાહિત કરવા અને પૂરતી હૂંફ પૂરી પાડવી.
- પરીક્ષા સમયે અથવા બાળકના વાંચન સમયે ઘરમાં ટીવી., મોબાઈલ અથવા અન્ય ઉપકરણોનો ઉપયોગ મર્યાદિત થાય તે વાલીએ પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ.
- બાળક કેવા મિત્રો સાથે હરે-ફરે છે અને કઈ રીતે શાળા સિવાયનો પોતાનો સમય વ્યતીત કરે છે તે ધ્યાનમાં રાખવું.
- પોતાના બાળકની ક્ષમતાને ઓળખી તેના કરતાં વધુ અપેક્ષા બાળક પર ન રાખવી અને પોતાના અધૂરા સપનાં બાળકો પર ન થોપતા બાળકને જે વિષયમાં રસ અને રુચિ છે તે મુજબ તેને આગળ વધવા સતત માર્ગદર્શન, પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડવા.
- બાળકના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું તેની તંદુરસ્તી પ્રત્યે સજાગ રહીને પોષણક્ષમ પૂરતો અને સમયસર આહાર આપવો. શક્ય હોય ત્યાં સુધી બહારનું ખાવાનું ટાળવું.

સમાજ, શાળા અને વાલી સૌના કેન્દ્રસ્થાને આપણું બાળક છે. બાળકોનો સર્વાંગી વિકાસ અને સારા વ્યક્તિત્વનું ઘડતર એ જ આપણું ધ્યેય હોય છે. નવી શિક્ષણનીતિ આ વાતને પ્રાધાન્ય આપે છે. બાળકને સમજી, શાંતિપૂર્વક એને હૂંફ પૂરી પાડી આગળ વધવા મદદરૂપ થવું એ આપણી ફરજ બની રહે છે. બાળકે કેટલું વાંચ્યું તે કરતાં શું વાંચ્યું, શું વાંચ્યું તે કરતાં કેટલું સમજીને યાદ રાખ્યું અને સૌથી છેલ્લું અગત્યનું છે કેટલું યાદ રાખ્યું તે કરતાં પણ તેની રજૂઆત કઈ રીતે અને કેવા શબ્દોમાં કરે એ બાબત બાળક ધ્યાનમાં રાખે તો સફળતાનાં ઉચ્ચતમ શિખરો જરૂર સર કરી શકશે.

બોર્ડની કે અભ્યાસની અન્ય પરીક્ષાઓ કે જીવનની પરીક્ષાઓ માટે પણ ઉપયોગી એવી વાત એ છે કે આપણે હંમેશાં હકારાત્મક બોલવું અને વિચારવું. નકારાત્મક કદી પણ ન બોલવું કે ન વિચારવું. કારણ કે મગજને તમે જેવો સંદેશો આપો તેવો તે ઝીલે છે. તેથી જ કહેવાય છે કે મન જ મનનો માર્ગદર્શક છે. મન જ મનનો દીવો છે. જરૂર છે બસ મનને ઓળખવાની, જોવાની અને સમજવાની... તમે જેવું વિચારશો તેવા તમે થશો. જો તમે મગજને જેવો અને જે સંદેશો આપશો તે અને તેવો જ સંદેશો તે ઝીલશે. આથી ઉપર જણાવેલી બાબતોમાં એક જ વાત પર ભાર મૂકવો કે તમે હકારાત્મક જ વિચારો અને દૃઢ આત્મવિશ્વાસ કેળવો. તમારાં વાક્યો અને વિચારોમાં નજીવો ફેરફાર લાવો. 'આમ થશે કે થઈ શકે' એવું બોલવાને બદલે "આમ થઈ ગયું છે જ." બસ, આટલો નાનકડો ફેરફાર અને પછી જુઓ કેટલો ચમત્કાર લાવી દે છે !!

તો મિત્રો, હવે 'પરીક્ષાનો હાઉ' ગાયબ ને ? ચાલો થાવ સાબદા... **અર્જુનની લક્ષ્યસિદ્ધિ અને એકલવ્યની એકાગ્રતા** મનમાં રાખી માંડો મક્કમ ડગલાં પરીક્ષાખંડ તરફ અને સતર્કતાથી જીવનની સફળતા તરફ..

---

**સંપર્ક : માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ, જિ. કચ્છ**

## પરીક્ષા - એક ઉત્સવ

"પરીક્ષા કેવળ એક તબક્કો છે, સમગ્ર જીવન નથી. નિષ્ફળતા મળે પણ ખરી પરંતુ સીધેસીધી સફળતા કોઈને મળતી નથી. એટલે નિષ્ફળતાથી ગભરાઈ જવાની જરૂર નથી. કારણ કે એ ટેમ્પરરી હોય છે. દરેક વિદ્યાર્થીની વાંચવાની તેમજ યાદ રાખવાની પદ્ધતિ અલગ અને પોતાની હોય છે. પરંતુ એની ચિંતાનું મુખ્ય કારણ એની નર્વસનેસ હોય છે. બને તેટલા રીલેક્ષ થવું જરૂરી છે. કોઈપણ સફળ વ્યક્તિને પોતાના 'રોલ મોડલ' તરીકે નક્કી કરીને એ મુજબ મહેનત કરવી જોઈએ. આજની નવી પેઢીમાં દમ છે. કેમ કે એ વિચારોની બાબતમાં ઘણી બધી સ્પષ્ટ છે. એમનો આત્મવિશ્વાસ દાદ માંગે તેવો હોય છે એટલે વિદ્યાર્થીઓએ પોતે શું કરવું છે એની યાદી બનાવવી જોઈએ અને પ્રાયોરિટી નક્કી કરવી જોઈએ."

**– કૃષ્ણકાંત ઉનડકટ**

"જેના વડે ચારિત્ર્યનું ઘડતર થાય, મનની શક્તિ વધે, બુદ્ધિનો વિકાસ થાય અને વ્યક્તિ પોતાના પગ ઉપર ઊભી રહી શકે તેનું નામ કેળવણી." **– સ્વામી વિવેકાનંદ**

# માતૃભાષા : સંસ્કાર અને સંસ્કૃતિ

• ડૉ. મહેશ ઠાકર •

**હું ગુજરાતી છું ને ભાષા મારી ગુજરાતી,**
**ગુણિયલ ગરવી ભાવે રૂડી શબ્દોથી છલકાતી.**
**પહેલો વહેલો બોલ્યો બા, એ ભાષા છે ગુજરાતી.**
**યાદ કરો જ્યાં એને પ્રેમે આંખો ભીની થાતી,**
**હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી.**

## • માતૃભાષા અને આપણે

આપણા દેશમાં સંસ્કૃત અને પ્રાકૃત આ બે ભાષાઓ પ્રાચીનકાળથી અસ્તિત્વ ધરાવે છે. કાળક્રમ બદલાતાં ઉર્દૂ પરંપરાનો અને અંગ્રેજી પરંપરાનો પ્રવેશ થયો.

આમ પણ પ્રાકૃત ભાષામાંથી અપભ્રંશ, તેમાંથી દેશી (પ્રાદેશિક) અને ગુજરાતી ભાષાનો આર્વિભાવ થયો. આજે પણ અનેક શબ્દો સંસ્કૃત ભાષામાંથી ચાલી આવ્યા છે અને બોલાય પણ છે તે આપણે જાણીએ છીએ. પ્રાકૃત, તળપદા દેશ્ય, અરબી, ફારસી, ઉર્દૂ, અંગ્રેજી ભાષાના શબ્દો ગુજરાતી ભાષાની બોલચાલમાં પ્રવેશી ગયા છે. હજુ વધુને વધુ શબ્દો બોલચાલમાં, સમૂહ માધ્યમોમાં સ્થાન પામી રહ્યા છે અને ગુજરાતી ભાષાને દૂર કરી રહ્યા છે.

**બાળક મા પાસેથી સાંભળીને શીખે, જીવનવ્યવહાર કરતું થાય તે માતૃભાષા.**

માતા-પિતાના વંશ-વારસાની, જનીન તત્ત્વોની પરંપરા બાળકને મળે છે. અન્ય સંસ્કારોની જેમ બાળકને માતાપિતા પાસેથી ભાષાના માતૃ સંસ્કારો પણ મળતા હોય છે. માતા બોલતી હોય છે, પોતાના સંતાનને કાલીઘેલી ભાષામાં લાડ-પ્રેમ, વહાલ કરતી હોય છે. બાળક તેમાંથી જ શીખતું હોય છે, બોલવાનો પ્રયત્ન કરતું હોય છે. એમાંથી માતૃભાષા પ્રાપ્ત થાય છે.

માતા-પિતા પાસેથી મળતાં વારસામાં માતૃભાષા અંતર્નિહિત હોય છે. બાળકોમાં તે આપોઆપ પ્રાપ્ત હોય છે. એ સંગ્રહાયેલું છે, ધનભંડારની જેમ ભાષાનિધિ પણ જેમ પ્રયોજીએ તેમ તેમ પ્રગટ થતી જાય છે, ધન ખૂટી શકે છે, ભાષાભંડાર નહીં, એ તો વધતો જ જાય છે.

## • લોહીમાં માતૃભાષા

**ભાષાની બે ખાણો છે : એક પુસ્તકો અને બીજું લોકોની વાણી.**

તમે ઘણી વ્યક્તિઓની બાબતે જાણતા જ હશો કે જેમનાં માતા-પિતા સારા વાચક હશે, ગાયક હશે, વાર્તા કથક હશે, વક્તા હશે, પ્રજ્ઞા અને મેધાવંત હશે તેમનાં બાળકો જન્મથી જ ભાષાના સંસ્કારોમાં આગળ હશે. આપણા ગુજરાતી ભાષાના મૂર્ધન્ય લેખક સુરેશ જોષીના દાદા સંસ્કૃતના જાણકાર અને દાદી વાર્તાકથન કરવામાં નિપુણ હતાં. તેનો સીધો લાભ ગુજરાતને મળ્યો છે. કેટલા બધાં ગાયક-ગાયિકાઓનાં માતાપિતા ગાયક નહોતાં છતાં ઘરમાં તો સહજ કંઠે ગાતાં જ હતાં, કંઈક વગાડતાં હતાં. એનો લાભ એમનાં સંતાનોને મળ્યો જ છે.

આનાથી વિરુદ્ધ જે માતાપિતા અશુદ્ધ ભાષા બોલતાં હોય છે, તેમનાં બાળકો સમાજમાં ખરાબ ભાષામાં બોલતાં સાંભળીએ છીએ. જેમનું માનસિક આરોગ્ય સારું ન હોય તો તેવાં માતાપિતાનાં બાળકો ભાષા- સંસ્કારમાં નબળા જોવા મળે છે.

હવે શિક્ષણ ક્ષેત્રમાં માતૃભાષાનું સ્થાન શું છે ? ક્યાં છે ? આપણે ત્યાં આપણી પાઠશાળાઓ અને આપણા વિશ્વવિદ્યાલયો મુઘલોને અને અંગ્રેજોને કારણે નાશ પામ્યાં. આપણે આપણી પરંપરાનું રક્ષણ કરી શક્યા નહીં. આપણી તપોનિષ્ઠ વિદ્યાવ્યાસંગની એક ઉજ્જ્વળ પરંપરા નાશ પામી. આપણે ભરપાઈ ન કરી શકાય એવી એક મહા વિનાશની ગર્તામાં ધકેલાઈ ગયા.

માતૃભાષા સિવાયની અન્ય ભાષાના માધ્યમમાં શિક્ષણ એક ચિંત્ય અને ચિંતનશીલ, ચિંતાપૂર્ણ મુદ્દો છે.

## • માતૃભાષાની અનિવાર્યતા

**ભાષા એટલે વિચારોનો પહેરવેશ.**

તમે સમજી શક્યા હશો કે માતૃભાષા વિના માનવજીવન સંભવ નથી. સમગ્ર જીવનવ્યવહારમાં માતૃભાષા ઓતપ્રોત થઈને વણાયેલી છે, અર્થાત્ મારા જીવનનું વસ્ત્ર માતૃભાષા વડે જ વણાયેલું છે. શિક્ષણનો કોઈપણ વિષય માતૃભાષામાં જ સરળતાથી સમજાય છે માટે માતૃભાષાની ઉત્તમ જાણકારી એ આપણી અનિવાર્યતા છે.

"બાળકોને શાબાશી, પ્રશંસા, પ્રેરણા અને પ્રોત્સાહનની જરૂર છે, એનું જીવન એનાથી પાંગરે છે."
— **કવિવર રવીન્દ્રનાથ ટાગોર**

મારી માતૃભાષા મારી ઓળખ છે, મારા સંસ્કાર છે, મારી સંસ્કૃતિ છે, સમગ્ર જીવન પદ્ધતિ છે ભાષા અર્થાત્ માતૃભાષા જ મારું સર્વસ્વ છે.

- **માતૃભાષા અને અધ્યાત્મ**

**માતૃભાષા સભ્ય સમાજના નિર્માણનો પાયો છે.**

આપણા જીવનવ્યવહારને તપાસીએ તો માલુમ પડશે કે કેટલા બધા શબ્દો આપણે અંગ્રેજી ભાષાના સ્વીકારી લીધા છે અને જાણે કે એ શબ્દોમાં જ જીવન ધબકે છે, એ શબ્દોમાં જ પ્રાણનો સંચાર છે એવો ભ્રમ ઊભો થઈ ગયો છે. 'ગુડ મોર્નિંગ થી ગુડ નાઈટ' સુધીમાં તો આપણે આપણી માતૃભાષાનો કચ્ચરઘાણ કાઢીએ છીએ. આપણી આગવી ઓળખ, સાચી જીવન પદ્ધતિ તો આ પરભાષા અંગ્રેજી ભાષા પ્રત્યેના મોહને કારણે આપણે ગુમાવી ચૂક્યા જ છીએ ! અને એનો જરા જેટલો પણ પશ્ચાતાપ પણ નથી.

અલબત્ત, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર, અનેક સમૂહ માધ્યમોને કારણે પૃથ્વીવાસીઓ એકબીજાની ઘણા નિકટ આવી ગયા છે. વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના(પ્રૌદ્યોગિકી) સંશોધનો પણ અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થાય છે, તેથી જાણકારી માટે અંગ્રેજી કે અન્ય ભાષાઓની જાણકારી આવશ્યક છે, પણ મારે મારું જીવન તો મારી માતૃભાષામાં જીવવું પડે ને !

મારો ધર્મ, સનાતન ધર્મ તો મારી માતૃભાષામાં જ હું જીવી શકું ને ! અને સનાતન ધર્મ એ રંગીન સ્ટીકર નથી કે ચોંટાડીને ઉખેડી નાખી શકાય ! સનાતન ધર્મ વસ્ત્ર છે, અન્નજળ અને ઔષધ છે, એ શ્વાસોચ્છવાસ છે, મારી ઓળખ છે. કારણ કે હું દેવી દેવતાઓ, અવતારો, આચાર્યો, ઋષિમુનિઓ, જતિસતી, યોગીઓ અને મહર્ષિઓનાં પૂજન કરું છું. હું માતા, પિતા, આચાર્ય અને અતિથિને દેવ સમાન ગણું છું. હું આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો, રાશિઓ અને નવલખ તારકોને પણ પૂજું છું. હું 'પંચવટી'-પાંચ પવિત્ર વૃક્ષોને પૂજું છું. અને પૂજન કરવા માટે મારે સંસ્કૃત ભાષા અને મારી માતૃભાષા ગુજરાતી જ અનિવાર્ય છે, નિર્વિકલ્પ છે. સંસ્કૃત ભાષામાંથી ગુજરાતી ભાષા ઉતરી આવી છે અને આ જ રીતે અનેક ભારતીય ભાષાઓ પણ ઉતરી આવી છે.

તમે તમિલનાડુ જાવ તો કદાચ 'સરવણ ભવ' નામવાળી શુદ્ધ શાકાહારી (રેસ્ટોરન્ટ) ઉપહારગૃહમાં અલ્પાહાર(નાસ્તો) કરવાનો લાભ મળશે. 'સરવણ' અર્થાત્ ભગવાન કાર્તિકેય અને ભવ અર્થાત્ પોતાની, પોતાના પ્રદેશ વિશેષની ઓળખ સમાન-'સરવણ ભવ' જોઈ શકાય છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષા વચ્ચે Butter અને માખણ જેટલું અંતર છે.

- **માતૃભાષા અને અને આપણી સંસ્કૃતિ**

**લાડ લડાવ્યા જે ભાષાએ જેણે કીધો મોટો,**
**રંગમાં વહેતી ભાષા ભૂલું માણસ તો તો ખોટો.**
**અક્ષર ભાળું ગુજરાતી જ્યાં ઊર્મિઓ હરખાઈ,**
**હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી.**

'ધરોષ્ણ દૂધ' હું વિદેશીઓને કેવી રીતે સમજાવીશ ? બાલકૃષ્ણ જ્યારે માતા યશોદા ગાય દોહતા હોય ત્યારે એ જ ગાયના આંચળમાંથી સીધું જ જે દૂધનું પાન કરે છે તે દૂધ ધરોષ્ણ દૂધ, જે અત્યંત શુદ્ધ અને આરોગ્યપ્રદ છે. ગરણ કરેલું ને શીતકમાં ઠંડું કરેલું દૂધ નહીં ! એ ચિત્ર જ ઘણું બધું સમજાવી જાય છે !

આપણા જીવનમાં બે ભાગ પડે છે - એક છે લોકજીવન જેને આપણે ગ્રામજીવન કહી શકીએ. ગ્રામજીવનની એક સુદીર્ઘ પરંપરા હતી. જેમાં લોકસાહિત્ય અને લોકકળાઓ માતૃભાષામાં વિકસી હતી. અને એણે જ લોકજીવનને અને નગરજીવન બંનેને સમૃદ્ધ કર્યા છે. જ્યારે બીજી બાજુ પરંપરાગત સંસ્કૃત અને અંગ્રેજી શિક્ષણ જે આરંભમાં આમ તો અંગ્રેજી માધ્યમમાં જ હતું જેણે એક ભિન્ન નગરજીવનની પરંપરાનું નિર્માણ કર્યું. આજે તો ગામડાં પણ અંગ્રેજી માધ્યમ અને અંગ્રેજી શિક્ષણના વિસ્તારને પ્રતાપે જાણે કે પશ્ચિમના રંગે રંગાઈને જીવી રહ્યા છે. સો વર્ષ પહેલાંનું ધબકતું લોકજીવન અદશ્ય થઈ ગયું છે ! ટીવીના કૅમેરાઓ અને ટીવી ચૅનલોના પ્રસારણો બંધ થઈ જાય તો લોકજીવનનો આભાસી ધબકાર અદશ્ય થઈ જાય ! અત્યારે લોકજીવન ધબકતું નથી, પાંગરતું નથી પણ ધંધાદારી રીતે ધબકારનો આભાસ કરાવી રહ્યું છે !

જ્યારે સઘળી કેળવણી માતૃભાષામાં અપાતી થશે ત્યારે જ ભાષાની ખીલવણી હશે.

- **માતૃભાષા એ સાંસ્કૃતિક મૂડી છે.**

**માતૃભાષા કલ્પવૃક્ષ છે તેનાથી જે માંગવામાં આવે છે તે તરત જ મળે છે.**

"સારાં પુસ્તકો જેવો કોઈ કાયમી મિત્ર નથી." **— લોંગ ફેલો**

આખરે માતૃભાષા એના ભાષકો દ્વારા જીવંત રહી શકે છે. આપણી માતૃભાષામાં પ્રાર્થનાઓ, લોકગીતો, લોકવાર્તાઓ, દુહા, છંદ, ચોપાઈ અને વિશાળ ભજનપરંપરા, લોકનાટ્ય, 'ભવાઈ'ના વેશ તો સમગ્ર જીવનને વ્યાપીને રહ્યા હતા. ભજનો તો અનુભવી સંતો-ભક્તો-જતિસતીની આર્ષવાણી - વેદવાણીની ગરજ સારતાં હતા. ભજન પરંપરા હજુ આંશિક રીતે સચવાઈ રહી છે, હજુ પણ અનેક કંઠે ભજનો ગવાય છે,

માતૃભાષા ગુમાવવાને કારણે આપણે ઓળખ ગુમાવી, અસ્મિતા ગુમાવી, અનેક પાસાવાળું સમૃદ્ધ લોકજીવન ગુમાવ્યું, અર્થાત્ સંસ્કૃતિ ગુમાવી તો સંસ્કારોની આશા ક્યાંથી રાખવી ? જો માતૃભાષા બચશે તો આપણે બચીશું.

સંપર્ક : નારાયણ વિદ્યાવિહાર, ભરૂચ

## પુસ્તકવાંચન અંગે પંચામૃત સમા પાંચ સંકલ્પો

(1) દર મહિને હું એવાં પુસ્તકો ખરીદીશ, જે મારા માટે 'લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ' જેવાં ગૌરવપ્રદ બની રહે. જે પુસ્તકો મને 'જીવન જીવવાની કલા' બતાવે અને મારી જિંદગીને એવી એક ઊંચાઈ પર લઈ જાય, જ્યાં પહોંચીને હું સમાજસેવાનાં કાર્યો કરી શકું.

(2) જે પુસ્તકો મેં વાંચી લીધાં હોય એને હું કબાટના કારાવાસમાં કેદ કરીને ગોંધી નહીં રાખું. જેમ દીવાથી દીવો પ્રગટે એમ, મારાં એ વંચાઈ ગયેલાં પુસ્તકો હું એવી વ્યક્તિઓને ભેટમાં આપીશ, જે એનું વાંચન કરી પોતાના જીવનની ગતિની દિશા નક્કી કરી શકે, એવા લોકોને હું પુસ્તકો ભેટમાં આપીશ, જેમને વાંચનનું આજીવન વ્યસન લાગુ પડી ગયું હોય અને જેને આવું વાંચનવ્યસન લાગુ ન પડ્યું હોય એને લાગુ પડી જાય એવા લોકોને હું મારાં પુસ્તકો સોંપીશ. એવા લોકોના હાથમાં હું મારાં પુસ્તકો મૂકીશ, જેમણે માત્ર ને માત્ર પુસ્તકને જ પોતાની જીવનયાત્રાનું ધ્રુવબિંદુ બનાવી દીધું હોય.

(3) જેમ જેમ પુસ્તકો વંચાતાં જશે, તેમ તેમ પુસ્તકોમાંથી જીવનના સાર સમાં કેટલાંક અવતરણોની હું એક ડાયરીમાં નોંધ કરી લઈશ. મધમાખી પાસેથી હું એટલું તો જરૂર શીખ્યો છું કે જીવનસંવર્ધક વિચાર મને જ્યાંથી મળે, જ્યારે મળે, એનો હું મધપૂડો બનાવું અને સમય જતાં એ મધપૂડો હું એવી વ્યક્તિને કે એવી સંસ્થાને સોંપું, જે પૂરા સમાજમાં એનું વિતરણ કરી આવતી કાલના રાષ્ટ્ર અને સમાજનું ઘડતર આજથી શરૂ કરે.

(4) એવા કવિઓ, લેખકો, અનુવાદકો, પત્રકારો અને સાહિત્યકારો સાથે શબ્દસંબંધ રચી એમની સાહિત્યિકતાનો સમાજોપયોગી પ્રચાર-પ્રસાર કરીશ, જેઓ સાહિત્યના પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન, આધુનિક અને અનુઆધુનિક સાહિત્યસર્જન વડે સંવેદનાની વાટને સતત ને સતત સંકોરતા રહ્યા છે.

(5) દિવસે દિવસે વાંચનનો દર ઘટતો નથી ગયો, ઊલટાનો પહેલાં કરતાં વધતો ગયો છે. હા, વાંચનનો ટ્રેન્ડ જરૂર બદલાયો છે. બદલાતા ટ્રેન્ડ સાથે વાચકની રુચિ પ્રમાણેનાં પુસ્તકો વાચક સુધી પહોંચે એ માટે હું નાનાં બાળકોથી માંડીને વયસ્કો અને પ્રૌઢો સુધીના લોકો માટે 'વાંચનગોષ્ઠિ', 'વાંચનશિબિર', 'વાંચનસપ્તાહ' કે 'વાંચનવિમર્શ' જેવા નાનાં-મોટા કાર્યક્રમોનું આયોજન કરવા માટે અલગ અલગ શાળાઓ, પુસ્તકાલયો અને કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરીશ.

**મિત્રો,** ચાલો ત્યારે નૂતન વર્ષમાં તમે પણ અમારી આ સંકલ્પયાત્રામાં જોડાઓ અને આપણે સૌ પુસ્તકદાન અને વાંચનવ્યસનનો પ્રચાર-પ્રસાર શરૂ કરીએ !

**– હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'**
**('સર્જક ઉદ્ગાર'માંથી સાભાર)**

"કેટલાંક પુસ્તકો ચાખવાનાં હોય છે, કેટલાંક ગળી જવાનાં હોય છે અને કેટલાંકને ચાવીને પચાવવાનાં હોય છે."
**– ફ્રાન્સીસ બ્રેકન**

# ગાંધીજીના એકાદશ વ્રતોનું વિદ્યાર્થીજીવનમાં ઔચિત્ય

● ડૉ. સંજય આર. તલસાણિયા ●

પૂજ્ય ગાંધીજીએ દેશના પુનરુત્થાન માટે રચનાત્મક કાર્યક્રમો અને વ્યક્તિગત વિકાસ માટે 'એકાદશ વ્રતો' આપ્યા છે, જે દ્વારા તેઓ દેશની સામાજિક, ધાર્મિક અને આર્થિક રીતે સૂતેલી જનતામાં નવચેતના લાવવા ઈચ્છતા હતા. એકાદશ વ્રતો એમને મન પ્રત્યેક વ્યક્તિએ વ્યવહારમાં મૂકવાનો **'આધારધર્મ'** સમજતા હતા. તેમણે આપેલા અને આચરેલા એકાદશ વ્રતોનું વિદ્યાર્થીજીવનમાં કઈ રીતે ઔચિત્ય છે તે જોઈએ.

**1. સત્ય :**

ગાંધીજી સત્ય અને અહિંસાના પૂજારી હતા. તેમને મન **'સત્ય એ જ ઈશ્વર છે.'** વિદ્યાર્થીઓએ વિદ્યાભ્યાસ કે વ્યવહારમાં અસત્ય બોલવું કે આચરવું ન જોઈએ. સત્યથી વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ અને પરિસ્થિતિનો સામનો કરવાની હિંમતનો વિકાસ થાય છે.

**2. અહિંસા :**

પશુ-પક્ષીઓનો વધ ન કરવો એટલું પૂરતું નથી. અહિંસા એટલે સૂક્ષ્મ જીવોથી માંડી મનુષ્ય સુધી બધા જીવો પ્રત્યે સમભાવ રાખવો જોઈએ. દરેક વિદ્યાર્થીએ એ જોવું જોઈએ કે શાળામાં તેના પ્રત્યે કોઈ ઘૃણા, ક્રોધ કે ઈર્ષા દાખવે છતાં સામેની વ્યક્તિ પ્રત્યે આદર રાખવો. પોતાના પર થયેલા અન્યાયને ધીરજથી, દ્વેષરહિત સહન કરે તે વિદ્યાર્થી સાચો અહિંસક ગણી શકાય.

**3. બ્રહ્મચર્ય :**

શાળામાં ભણતાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો પ્રત્યે નિર્મળ સંબંધ રાખવો. દરેક વિદ્યાર્થી ભાઈ-બહેન પોતપોતાની મર્યાદામાં રહે, તેનું ઉલ્લંઘન ન કરે અને શાળાનું વાતાવરણ સુંદર બને ત્યારે ખરા અર્થમાં બ્રહ્મચર્યનું પાલન થયું ગણાય.

**4. અસ્વાદ :**

વિદ્યાર્થી જ્યાં સુધી બધા રસોને પામે નહીં ત્યાં સુધી તે અધૂરું છે. તમામ રોગની શરૂઆત પેટથી થાય છે. જો રોગ પર વિજય પામવો હોય તો વિદ્યાર્થીઓએ અસ્વાદનું વ્રત પાળવું રહ્યું. બજારમાં મળતી વાસી, ખુલ્લી ચીજો ન ખાવી. આ ઉપરાંત માંસાહાર, તમાકુ, પાન કે કૃત્રિમ ઠંડા પીણાં વગેરેથી દૂર રહેવું. આમ થાય ત્યારે સાચા અર્થમાં આ વ્રતનું પાલન થયું ગણાય.

**5. અસ્તેય :**

વિદ્યાર્થીએ રજા વિના અન્ય વિદ્યાર્થીની વસ્તુ ન લેવી એટલું બસ નથી પરંતુ બીજાની વસ્તુ જે મુદત માટે ઉછીની લીધી હોય તેનો ઉપયોગ કરતાં વધુ વાપરવી કે રાખી મૂકવી એ પણ ચોરી જ છે. વિદ્યાર્થીઓએ પોતાને ઉપયોગી વસ્તુઓને ઓછામાં ઓછી રીતે ઉપયોગ કરવી એ અસ્તેયનું હાર્દ છે.

**6. અપરિગ્રહ :**

અપરિગ્રહ અને અસ્તેય એકબીજાની નજીકનાં વ્રતો છે. વિદ્યાર્થીએ અનાવશ્યક વસ્તુઓ જેમ લેવાય નહીં તેમ તેનો સંગ્રહ પણ ન થાય. તેથી તે વસ્તુઓ, પુસ્તકોનો બિનજરૂરી સંગ્રહ પણ વ્રતનો ભંગ છે. અપરિગ્રહી વિદ્યાર્થી ખૂબ જ ઓછી વસ્તુઓનો મહત્તમ ઉપયોગ કરી નિત્ય સાદું જીવન વ્યતિત કરતો હોય છે.

**7. સ્વદેશી :**

માનવ સર્વશક્તિમાન પ્રાણી નથી. તેથી તે પોતાના પાડોશીની સેવાનો લાભ લે છે અને આમ કરવામાં તે જગતની સેવા લે છે અને સેવા કરે છે. આ ભાવનું નામ સ્વદેશી છે. વિદ્યાર્થી પોતાને ઉપયોગી વિદ્યાભ્યાસની વસ્તુઓ શકય એટલી પોતાના જ ગામ-શેરી કે મહોલ્લામાંથી ખરીદે. આ ઉપરાંત આ વ્રતમાં સ્વાર્થને સ્થાન નથી. આ સાથે-સાથે વિદ્યાર્થી કુટુંબ, ગામ, શહેર કે દેશ માટે સમર્પણ કરે અથવા દેશ પર આવી પડેલી કુદરતી આફતોમાં સાચા દિલથી સેવા કરે એ પણ સ્વદેશી વ્રતનું પાલન જ છે.

**8. અભય :**

સત્ય, અહિંસા વગેરે વ્રતોનું પાલન નિર્ભયતા વિના અશકય છે અને ભય સર્વત્ર વ્યાપી રહ્યો હોય

"માહિતી મગજમાં ભરવી એનું નામ વિદ્યા નથી, મેળવેલ જ્ઞાનને જીવનમાં ઉતારવાથી સાચી વિદ્યા પ્રાપ્ત થાય છે." — **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**

છે ત્યારે વિદ્યાર્થીઓમાં અભયનું સ્થાન અત્યંત જરૂરી છે. પોતાની કે અન્યની ભૂલો કે કરેલું ખોટું કામ અન્યને કહેવામાં જરાયે ન અચકાય, હિંમત દાખવે અને પોતાની ભૂલને નમ્રપણે સ્વીકારે એ સાચા અર્થમાં નિર્ભય વિદ્યાર્થી.

**9. અસ્પૃશ્યતા :**

હિન્દુ ધર્મમાં અસ્પૃશ્યતાની રૂઢિએ ઊંડી જડ ઘાલી છે. તે ધર્મ નથી પણ અધર્મ છે. વિદ્યાર્થીઓ ધર્મની આ બુરાઈથી દૂર રહે. દરેક વ્યક્તિમાં પવિત્ર આત્મા બિરાજમાન છે, કોઈ ઉચ્ચ નથી કોઈ નીચ નથી. આવી ઉદાત્ત ભાવના રાખી અન્યોન્ય વ્યવહાર કરે એ આદર્શ વિદ્યાર્થી ગણાય.

**10. વર્ણાશ્રમ :**

જાતિભેદ કોઈપણ વ્યક્તિ માટે અવરોધક રહ્યું છે, બાધક છે એમ પ્રત્યેક વિદ્યાર્થી જાતિભેદ ભૂલી એકબીજાને ઉપયોગી કે સહભાગી બની પ્રગતિ કરે, વિકાસ સાધે એ આ વ્રતનું ઔચિત્ય છે.

**11. સહિષ્ણુતા :**

સહિષ્ણુતાનો સામાન્ય અર્થ પરસ્પર આદર અને સમાનતા થાય. શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દરેક ધર્મજાતિના વિદ્યાર્થીઓને સમાદર આપે, વૈમનસ્ય ભૂલી પરસ્પર સહૃદયતા દાખવે અને વ્યવહારમાં અમલી બનાવે એમાં સહિષ્ણુતાનો ભાવ છુપાયેલો છે. ચાલો, આપણે સૌ શિક્ષકો-વિદ્યાર્થીઓ પ્રતિજ્ઞા લઈએ કે ગાંધીજીના આ એકાદશ વ્રતોનું શાળામાં દઢતાથી પાલન કરી અન્યોન્ય વિકાસગામી બની દેશની અસ્મિતાને ઉજાગર કરીએ.

---

**સંપર્ક : સિનિયર લેક્ચરર,**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**ભાવનગર**

## માતૃભાષા વિશે ચિંતન

- "વિચારોને વ્યક્ત કરવાનું માધ્યમ એટલે ભાષા. જે ભાષામાં વિચારીએ, સ્વપ્નાં નિહાળીએ એ માતૃભાષા. ગળથૂથીમાં ઘૂંટાઈને હૃદયમાં સિંચાયેલ ભાષાનું ગૌરવ એટલે માતૃભાષાનું ગૌરવ." **– નરેન્દ્ર મોદી (ભારતના વડા પ્રધાન)**
- "મારી માતૃભાષા ગમે તેટલી અધૂરી હોય તોયે, માની છાતીએથી હું અળગો ન થાઉં તેમ, હું માતૃભાષાથી પણ અળગો ન થાઉં. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે ક્યાંથી મળે ?" **– મહાત્મા ગાંધીજી**
- "માતૃભાષા વગર નથી આનંદ, નથી અભિવ્યક્તિ કે નથી વ્યક્તિવિકાસ." **– રવીન્દ્રનાથ ટાગોર**
- "માતાના હાથે ભોજન, માતાની વાણીમાં શિક્ષણ. નાનાં બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાના બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકો નિર્વીર્ય બનશે. એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે." **– વિનોબા ભાવે**
- "બાળકને પોતાની માતૃભાષામાં શીખવા ન દેવું એ એમની સામેનો મોટો ગુનો છે." **– પ્રો. યશપાલ (વિખ્યાત વૈજ્ઞાનિક)**
- "માતૃભાષાનું શિક્ષણ વ્યક્તિનું નિર્માણ કરે છે; ચારિત્ર્યનું ઘડતર કરે છે અને સંસ્કારોનું સિંચન કરે છે." **– ઉમાશંકર જોશી**
- "જે દિવસે આપણે મેડિકલ, ઇજનેરી સહિતના તમામ ક્ષેત્રોનું શિક્ષણ માતૃભાષામાં જ આપીશું ત્યારે જાપાન અને ચીન જેવી વૈજ્ઞાનિક ક્રાંતિ કરી શકીશું. ત્યાં વિદ્યાર્થીઓને શાળાથી કૉલેજ સુધીના દરેક વિષયના અભ્યાસક્રમો તેમની માતૃભાષામાં જ ભણાવવામાં આવે છે." **– ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ**
- "વિશ્વના કોઈપણ દેશમાં સંસ્કાર કે સંસ્કૃતિનું પતન એની ભાષાના પતનથી થાય છે. આવી જ રીતે જો ગુજરાતી ભાષાનું પતન થશે તો ગુજરાતીની સંસ્કૃતિ અને સંસ્કારો ખતમ થઈ જશે. તેથી આપણે આપણી માતૃભાષાની રક્ષા કરવી જરૂરી છે."

  **– ગુણવંત શાહ**
- "ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો માતૃભાષામાં જ ભણાવવા જોઈએ."**– પ્રો. જયંત નારળીકર (વિખ્યાત વૈજ્ઞાનિક)**

**(સંકલન)**

"શિક્ષણ એ શિક્ષકનો ધર્મ ગણાવો જોઈએ. જે માણસને શીખવાની ઇચ્છા હોય તે માણસને દરેક ભૂલ તેને કંઈક શિક્ષણ આપી શકે છે.' **– મહાત્મા ગાંધીજી**

# શિક્ષકધર્મ

● ડૉ. મિતેશકુમાર બી. શેલક ●

**શિક્ષકત્વ હોય તો જ શિક્ષકધર્મ ખીલે,** બાકી પદવી કે ઍવોર્ડ માત્રથી 'શિક્ષક' ન થવાય. જેમ કવિતા વિશે કહેવાય છે કે, **'કવિઓ જન્મે છે, બનતા નથી.'** એવું જ શિક્ષક વિશે પણ કહી શકાય. ખરો શિક્ષક અનેકોમાં એક ઓળખાયા વિના ન રહે. એનું 'શિક્ષકત્વ' અછતું ન રહે. જગત-રાષ્ટ્ર-સમાજમાં આવા અનેક શિક્ષકો થઈ ગયા કે જેમણે રાષ્ટ્રને રાહ ચીંધ્યો છે.

નખશિખ શિક્ષકના હૂંફાળા સાથ અને હૂંફાળા શબ્દોથી વિદ્યાર્થીનું સુંદર વ્યક્તિત્વ ઘડતર થાય છે. રાષ્ટ્રનિર્માણમાં આવા શિક્ષકોનું હાર્દિક યોગદાન રહેલું છે. અહીં આપણે ઉમદા શિક્ષક ચાણક્યના વાક્યને યાદ કરી શકીએ કે, **'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસ કી ગોદ મેં પલતે હૈ.'**

શિક્ષકનો વ્યવસાય પવિત્ર વ્યવસાય છે, તે આજીવિકા માટે તો ખરો જ, પણ એમાં ઉમેરો કરી શકાય કે શિક્ષણ એટલે નોકરી-ધંધો કેમ કરવો, કેમ ચલાવવો, ઉમદા માણસ તરીકે શી રીતે કેળવાવું, હૃદયને કેમ સમૃદ્ધ બનાવવું તેની કેળવણી કહી શકાય. **જીવનની પરીક્ષામાં ઉત્તમ રીતે ઉત્તીર્ણ થવું એનું નામ જ શિક્ષણ.**

ગાંધીજી કેળવણીની વ્યાખ્યા આપતા જણાવે છે કે, **"વ્યક્તિનો જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક વિકાસ એટલે કેળવણી.** વિદ્યાર્થીનું વ્યક્તિત્વ ઘડતર કરી, સમાજ-રાષ્ટ્ર માટે ઉમદા નાગરિક ઘડવાનું કાર્ય એક ખરો શિક્ષક - તેનું શિક્ષકત્વ કરે છે. પછી એ શિક્ષક એમ નહીં વિચારે કે, જેને ખબર પડતી હોય, આવડતું હોય, ભણવામાં હોશિયાર હોય એવા જ વિદ્યાર્થીઓને ભણાવું અને ભણવામાં નબળા વિદ્યાર્થીઓની ઉપેક્ષા કરું, તો એનું શિક્ષકત્વ ક્યાંથી ઝળકે ? ખરો શિક્ષક તો એને જ કહેવાય કે જે નબળા વિદ્યાર્થીમાં પણ રસ લઈ તેને સબળો બનાવે. દરેક વિદ્યાર્થી કોઈને કોઈ વિષયમાં, કાર્યમાં પારંગત-હોશિયાર હોય જ છે. તેનામાં ઉત્સાહ-પ્રેરણા-પ્રોત્સાહનનું જળ સીંચી જો તેને ઉછેરવામાં આવે, યોગ્યને જતન-સંવર્ધન કરવામાં આવે તો સુંદર પરિણામ મળે. વિદ્યાર્થીને વ્હાલા-દવાલાંની નીતિ અખત્યાર કર્યા વિના સુંદર માહિતીની સાથે હૂંફ અને સ્નેહનું શિક્ષણ પણ મળે તો તેનું ઉમદા વ્યક્તિત્વ ઘડતર થાય તે નિ:શંક બાબત છે.

**વિદ્યાર્થીને જ્ઞાનની ભૂખ લગાડવી-વધારવી અને તેને 'શ્રેષ્ઠતમ' સુધી પહોંચાડવો એ જ ખરો 'શિક્ષકધર્મ' છે.** માત્ર વર્ગમાં ભણાવીને આપણું કામ પૂરું થઈ જતું નથી, પણ તે વિદ્યાર્થી સાથે આત્મીયતા-લાગણી - હૂંફ - પ્રેમથી સૌહાર્દ્ર વર્તન-વ્યવહાર કરવો એ પણ અનિવાર્ય છે. આ કામ શ્રેષ્ઠ શિક્ષકો સારી રીતે કરી શકે છે. તમે વર્ગમાં પ્રવેશ કરો તો દરેક વિદ્યાર્થીની ઘરની, મનની સ્થિતિ, આંખો, હાવભાવ, વર્તન વિવિધ હોય છે. એ દરેક વિદ્યાર્થીને વર્ગ-શિક્ષણની તૃપ્તિનો ઓડકાર આવે તો આપણો શિક્ષકધર્મ સાચો.

શાળામાં-વર્ગમાં એવા ઘણા વિદ્યાર્થી હોય છે કે જે પોતાના ઘરના સંઘર્ષમય માહોલને ઉન્નત જીવનમાં બદલવા માગતા હોય છે. એવા વિદ્યાર્થી પોતાની આંખોમાં સુખ - સફળતા - સમૃદ્ધિના કેટલાં દીવાસ્વપ્નો ધરબીને બેઠા હોય છે. તેવા **વિદ્યાર્થીઓનાં શમણાંઓને સાકાર કરવાનું દીવાદાંડીરૂપ કામ કરે તે સાચો શિક્ષકધર્મ.** તો જ શિક્ષકનું વર્ગશિક્ષણ સબળ-સફળ પુરવાર થાય.

વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓ જુદી-જુદી પરિસ્થિતિઓ અને વાતાવરણમાંથી આવતા હોય છે. એટલે વિવિધ મન:સ્થિતિવાળાં વિદ્યાર્થીઓને એક લાકડીએ ન હાંકાય ! ને દરેક વિદ્યાર્થીને યોગ્ય દિશા તરફ વાળવો, ક્ષિતિજની પેલે પારના દર્શન કરાવવા તે જ શિક્ષણકાર્ય. સારી-

"સંજોગો તમારું સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો." — **રામકૃષ્ણ પરમહંસ**

નરસી મનોસ્થિતિવાળા બન્ને પ્રકારના વિદ્યાર્થીઓ સાથે સમજણપૂર્વકનો સૌજન્યશીલ વ્યવહાર કરી, તેમનું ઘડતર કરવું એ જ ધર્મ.

અનુભવે અને અનુભૂતિએ તો સમજાયું છે કે જો આપ વિદ્યાર્થીના શિરે સ્નેહસભર હાથ ફેરવો તો તે વિદ્યાર્થી ગમે તેવો તોફાની હોય કે ભણવામાં ધ્યાન ના આપતો હોય કે ગમે તેવા દૂષણ-સંગમાં સપડાયો હોય તો તેનામાં વિધાયક ફેરફારો જોવા મળે છે. કોઈ વિદ્યાર્થી વર્ગમાં મૂંઝાયેલો છે, તકલીફમાં છે, તેની મૂંઝવણ તકલીફ જાણી તમે તેને યોગ્ય માર્ગદર્શન આપો છો તો તેનું જીવન સુંદર વળાંક લઈ લેતું હોય છે. તેવો વિદ્યાર્થી તમારાથી જીતાઈ જઈ, આજીવન તમારો આદર કરતો થઈ જાય છે. એટલે વિદ્યાર્થીની મૂંઝવણ જાણવામાં અંગત રસ દાખવી, તેની તકલીફ-પીડાને સમજી તેને દૂર કરવા જે શિક્ષક હંમેશાં પ્રયત્નશીલ રહે છે તે શિક્ષક ધન્ય છે, સફળ છે શ્રેષ્ઠ છે. વિદ્યાર્થીની તકલીફ તમારી તકલીફ થઈ જાય, ત્યારે ખરું શિક્ષણ-કેળવણી મ્હોરી ઊઠે છે.

વિદ્યાર્થીને વ્હાલ કરતા શિક્ષક સૌના વ્હાલા થઈ જાય છે. દરેક શિક્ષક જો મસ્તિષ્કની કેળવણીની સાથોસાથ હૃદય અને શ્રમની કેળવણી આપશે તો જરૂર એની સફળતામાં, તેના જીવનમાં ચાર ચાંદ લાગી જશે. અહીં મને એક વાત અને કાવ્યપંક્તિઓ યાદ આવે છે. એક સમયે જવાહરલાલ નહેરુ આપણા દેશના વડા પ્રધાન હતા, તે વખતે રશિયાએ અવકાશમાં નવું નવું રૉકેટ છોડેલું ને તે રશિયાના વડાપ્રધાન ભારતના પ્રવાસે આવેલા. જમણવાર ગોઠવાયેલો. તેમાં આપણા કોઈ ગુજરાતી કવિને પણ આમંત્રણ મળેલું. તે વખતે રશિયાના વડા પ્રધાને એ કવિને કહ્યું કે ‘કવિ, આપ શું કરો છો ?’ તો કવિ-શિક્ષકે જવાબ આપેલો કે ‘હું એક હૃદયથી બીજા હૃદય સુધી પહોંચવાના રૉકેટ છોડું છું.’ અહીં ઉમાશંકર જોશીની કાવ્યપંક્તિઓ અસ્થાને નહીં જ ગણાય.

**“ત્રણ વાનાં મુજને રે મળ્યાં : હૈયું, મસ્તક ને હાથ,**
**બહુ દઈ દીધું નાથ, જા, ચોથું નથી માંગવું.”**

આ વાતમાં ખરું શિક્ષકત્વ પમાયા વિના ન રહે. શિક્ષક - વિદ્યાર્થીના હૃદયના તાર તાણાંવાણાની જેમ ગૂંથાઈ જાય તો એ દિવસ દૂર નથી કે આપણી ભારતીય સંસ્કૃતિની સર્વોત્તમ ઋષિપરંપરાની કેળવણી પુનઃ ઉજાગર થાય !

વિદ્યાર્થીની પીડાજનક અવદશામાં શિક્ષક રસ લઈ તેને તેમાંથી બહાર ઉગારવા પ્રયાસ કરે તે જ સહૃદયી શિક્ષક કહેવાય, તે જ ખરો શિક્ષકધર્મ. શિક્ષક બાપડો - બિચારો દયા આણવાજોગ તો ના જ હોવો જોઈએ. વિદ્યાર્થીપ્રિય શિક્ષક બનવું એ પણ એક કળા છે. એ કળાકારી સૌ શિક્ષકમિત્રોએ પોતાના હૃદયના પ્રયાસોથી કરવાની છે. વિદ્યાર્થીઓ સાથે કૂણું વલણ રાખી જરૂર પડે ત્યાં એક આંખમાં સ્નેહ તો બીજીમાં કડકાઈ પણ રાખવી પડે. ઘસાઈને ઉજળા થવાની ભાવના, ઉમદા પુસ્તકોનું વાંચન, સૌની સાથે સૌજન્યપૂર્ણ સદ્‌વ્યવહાર રાખી, પોતાના અવતારકૃત્યને સફળ બનાવવાના પ્રયાસ કરે તે જ નમ્ર અભ્યર્થના પ્રગટ કરું છું. તો જ આપણી શિક્ષણયાત્રા ખરા અર્થમાં આનંદયાત્રા બની રહે.

**સંપર્ક : કે. એલ. પટેલ કન્યા વિદ્યાલય, ઊંઝા**

## પરીક્ષા - એક પર્વ

“પરીક્ષાનો ‘હાઉ’ ના રાખવો. પોતાની શક્તિને બહાર લાવવા માટે મહેનત કરવી પડે છે. પરીક્ષા માટે તમે એકલા નથી, તમારી સાથે બોર્ડ, શિક્ષકો, માતા-પિતા તમામ હોય છે જે તમને મદદ કરે છે, જે વિદ્યાર્થીઓ સારી રીતે ભણે છે એને પરીક્ષા સમયે કોઈ તકલીફ પડતી નથી. શ્રદ્ધા અને વિશ્વાસથી પરીક્ષા આપવી. પેપર જેવું હાથમાં આવે તો સૌપ્રથમ એનું વિહંગાવલોકન કરવું અને જે પ્રશ્ન એકદમ સરળ લાગતા હોય એને સૌપ્રથમ લખવા. ત્યારબાદ થોડા અઘરા પ્રશ્નો હાથ ઉપર લેવા અને છેલ્લે અઘરા લાગતા પ્રશ્નોને વિચારીને લખવા. અક્ષરો સારા રાખવા, ધીમે લખવું, ભાર દઈને લખવું અને બુલેટ પોઈન્ટમાં, બિનજરૂરી લંબાણ કર્યા વગર સચોટ લખવું, જેને **Hello Effect** કહેવાય છે. આવી અસર ઊભી કરવાથી વિદ્યાર્થીઓમાં પરીક્ષા સંબંધે કોઈ ડર રહેતો નથી અને એ મુક્ત મને પરીક્ષા આપી શકે છે.”

**— ભદ્રાયુ વચ્છરાજાની**

“કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિઓને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા આપવી તે.” **— મનુભાઈ પંચોળી ‘દર્શક’**

# પુસ્તકાલયનું પંચામૃત

• ડૉ. સી. ટી. ટૂંડિયા •

કવિ **'કલાપી'**એ કહેલું કે, **"જીવીશ, બની શકે તો એકલા પુસ્તકોથી."** દરેક શહેરમાં શાળામાં પુસ્તકાલય તો હોવું જ જોઈએ, પરંતુ ગામમાં પણ હોવું જોઈએ. ગાંધીજી કહેતા હતા કે, **"જેને વાંચનનો શોખ હોય તે બધી જગ્યાએ સુખી હોય છે."** મહોલ્લામાં, શેરીઓમાં કે નગરોમાં ધાર્મિક સ્થાનો હોવા જ જોઈએ, પણ સાથેસાથે ગ્રંથાલયો પણ હોવા જોઈએ.

શિક્ષક તરીકે આપણે 'સત્યના પ્રયોગો', 'ઘડતર અને ચણતર', 'દિવાસ્વપ્ન', 'તોત્તાચાન', 'સમૂહજીવનનો આચાર', 'અંગદનો પગ', 'ગિજુભાઈની વાર્તાઓ', 'હિતોપદેશ', 'ઈશપ', અને 'પંચતંત્ર'ની વાર્તાઓ, 'સૌરાષ્ટ્રની રસધાર', 'અરધી સદીની વાચનયાત્રા' (ભાગ 1 થી 5), 'અરધી રાત્રે આઝાદી', 'ભદ્રંભદ્ર', 'દરિયાલાલ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'સોક્રેટીસ', 'જય સોમનાથ', 'રાજાધિરાજ', 'પાટણની પ્રભુતા', 'સમુદ્રાન્તિકે', 'રેવન્યુ સ્ટેમ્પ', 'મારી હકીકત' જેવાં ખૂબ જાણીતાં અને શ્રેષ્ઠ પુસ્તકો વાંચેલા હોવા જોઈએ.

કવિતાસંગ્રહોમાં કવીશ્વર દલપતરામ રચિત્ 'દલપત ગ્રંથાવલિ', કવિ અમૃત 'ઘાયલ'ના આઠ કવિતાસંગ્રહોનો સંગ્રહ 'આઠો જામ ખુમારી', કવિ રમેશ પારેખની સમગ્ર કવિતાઓનો સંગ્રહ 'છ અક્ષરનું નામ', કવિ 'સુન્દરમ્', કવિ ન્હાનાલાલ અને કવિ ઉમાશંકર જોશીની કવિતાઓ વાંચવી જોઈએ, માણવી જોઈએ. જેનો રસાસ્વાદ આપણા વર્ગખંડનાં બાળકોને પણ કરાવવો જોઈએ.

આત્મકથાઓ, નિબંધો, નવલકથાઓ, નવલિકાઓ, ચરિત્રલેખો, લઘુકથાઓ, ઐતિહાસિક, રાષ્ટ્રની અસ્મિતાઓ અને સ્વાતંત્ર્યસેનાનીઓની કથાઓ, વાર્તાસંગ્રહો અને કવિતાઓ આજે કેટલા પ્રમાણમાં વંચાય છે, તે ચિંતાજનક બાબત છે.

પુસ્તકાલયનું મહત્ત્વ જો આપણે સમજીશું તો આ બધું જ આપણને એક જ જગ્યાએ મળી રહેશે અને તે સ્થાન છે, પુસ્તકાલય. પુસ્તકાલયમાં આપને એકાંત, શાંત વાતાવરણ-ભાવાવરણ અને આપને મનગમતા, શ્રેષ્ઠ પુસ્તકોનો રસથાળ મળે છે. પુસ્તકો આપના એકાંતને ભરી દે છે, છલોછલ કરી દે છે.

પુસ્તકાલયના પિતા સ્વામી રંગનાથને પુસ્તકાલય માટે પાંચ સૂત્રો આપેલ છે. જે આ પ્રમાણે છે.

**પુસ્તક ઉપયોગ માટે છે.**

પુસ્તકો એ સંસ્કૃતિનો વારસો છે. માનવસભ્યતાને ટકાવી રાખવામાં પુસ્તકોનો ફાળો અતિ મહત્ત્વનો છે. માણસે વિકાસયાત્રા કરી અનેક સિદ્ધિઓ મેળવી તે ભૂતકાળના જ્ઞાનવારસાનું પરિણામ છે. પુસ્તકોના ઉપયોગથી માણસ જ્ઞાનનો વિવિધ ક્ષેત્રોમાં સંશોધન અર્થે વિકાસ કરે છે.

**દરેક વાચકને તેનું પુસ્તક મળવું જોઈએ.**

વાચક ભિન્ન ભિન્ન પ્રકારના અને ભિન્ન ભિન્ન રસ-રુચિ ધરાવતા હોય છે. કોઈ પુસ્તક બાળકોને ધ્યાનમાં રાખીને લખાય છે તો કોઈ પુસ્તક વ્યવસાયીને ધ્યાનમાં રાખીને લખાય. કોઈ પુસ્તક મનોરંજનની જરૂરિયાત પોષે તો કોઈ માનવીની જિજ્ઞાસા કે સંશોધનવૃત્તિને પોષે. ભિન્ન ભિન્ન રસ-રુચિ અને વલણ ધરાવતા દરેક વાચકને પુસ્તકાલયમાંથી જોઈતું પુસ્તક મળી રહે છે.

**દરેક પુસ્તકને તેનો વાચક મળવો જોઈએ.**

વિશ્વમાં જે પુસ્તકો પ્રસિદ્ધ થાય છે તે દરેક પુસ્તક ચોક્કસ વાચક વર્ગને ધ્યાનમાં રાખીને લખાય છે. જેમ કે વાર્તાઓ, નવલકથાઓ ચોક્કસ વર્ગને ધ્યાનમાં રાખીને લખાય છે. રમતગમતનાં પુસ્તકો રમતવીરો માટે, વ્યવસાયના વ્યવસાયી લોકો માટે અને ધર્મના ધર્મપરાયણ વાચકોને ઉપયોગી બની રહે છે.

**વાચકનો સમય બચાવો.**

પુસ્તકોનો જો યોગ્ય ઉપયોગ કરાવવો હોય તો દરેક વાચકને તેનું પુસ્તક મળી રહે તેમ કરવું જોઈએ અને દરેક પુસ્તકને તેનો વાચક મળી રહે તે માટે પુસ્તકાલયનું

"ક્રોધ ઉપર પ્રેમથી, પાપ ઉપર પુણ્યથી, લોભ ઉપર દાનથી, અસત્ય ઉપર સત્યથી જીત મેળવો."

**— ગૌતમ બુદ્ધ**

સંચાલન એવી રીતે કરવામાં આવે કે વાચકનો સમય બચાવી શકીએ અને તેને પસંદગીનું પુસ્તક પુસ્તકાલયમાંથી મળી રહે.

**પુસ્તકાલય એ વિકસતી જતી સજીવ સંસ્થા છે.**

આપણે ઉપરોક્ત ચાર સૂત્રોનો અમલ યોગ્ય રીતે કરીએ તો પુસ્તકાલયમાં વાચકોની સંખ્યા વધશે, વાચકોની સંખ્યા વધશે તો પુસ્તકોની સંખ્યા પણ વધશે. પુસ્તકાલયમાં વ્યવસ્થા, સંચાલન અને વહીવટના વિકાસની જરૂરિયાત પણ ઊભી થાય. આમ, પુસ્તકાલય એ સતત વિકસિત સંસ્થા છે. વાચકના માનસિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, શારીરિક અને વ્યક્તિવિકાસમાં બહુમૂલ્ય ફાળો રહે છે.

પુસ્તકાલય અને વાંચનની પ્રવૃત્તિઓ વિકસે તે માટે ઘણાં પ્રયત્નો અને પ્રયોગો થયા છે. જેમાં સરકારશ્રી, સામાજિક સંસ્થાઓ દ્વારા અને વ્યક્તિગત રીતે પણ સંનિષ્ઠ પ્રયત્નો થયા છે. જેમ કે -

**તરતું પુસ્તક :** માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી તરીકે હતા ત્યારે તેઓશ્રી દ્વારા **'વાંચે ગુજરાત'** અભિયાન યોજવામાં આવેલ હતું. જે સમયે 'તરતું પુસ્તક' અભિનવ પ્રયોગ કરવામાં આવેલો, સફળ પણ રહેલો. જેમાં એક પુસ્તક તમારે અન્યને વાંચવા આપવાનું, જે વાંચીને તે બીજાને આપે, આમ ક્રમશઃ પુસ્તક વંચાતું રહે.

**પુસ્તક પરબ :** ગુજરાતમાં અનેક સંસ્થાઓ સામાજિક પ્રવૃત્તિઓના ભાગ અંતર્ગત આવી પ્રવૃત્તિઓ કરે છે. જેમાં નિઃશુલ્ક પુસ્તક વાંચવા માટે આપવામાં આવે છે.

**પુસ્તક પ્રદર્શન-પુસ્તકમેળા :** સમાજમાં વાંચન પ્રવૃત્તિઓ વિકસે તે માટે વિવિધ સંસ્થાઓ અને પ્રકાશકો પુસ્તક પ્રદર્શનો અને પુસ્તકમેળા યોજતા હોય છે. પુસ્તક પ્રદર્શનોમાં પુસ્તક વેચાય છે, તેટલાં વંચાય છે કે કેમ તે એક પ્રાણપ્રશ્ન તો છે જ.

**પુસ્તકયાત્રા :** 'આનંદાલય' કરીને સંસ્થા છે જે આપને નિઃશુલ્ક પુસ્તક મોકલે છે. જે તમારે વાંચીને બીજાને ભેટ આપવાનું હોય છે. પુસ્તક યાત્રા એ વિચારયાત્રા બની રહે છે. આવા પ્રયોગો વિશાળ પ્રમાણમાં થવા જોઈએ. સામાજિક સંસ્થાઓએ પોતાના ભવનમાં પુસ્તકાલયો પણ બનાવવા જોઈએ.

**Bookey નહીં, Book :** સમારંભોમાં બહુ મોંઘા bookey આપવામાં આવે છે. જે પછી જે તે ટેબલ પર જ રહી જાય છે અને પછી કચરાપેટીમાં જાય છે. જેના બદલે એટલી કિંમતમાં નાનાં-મોટાં પુસ્તકો આપવામાં આવે તો સાંપ્રત સમયમાં વાચનપ્રવૃત્તિ વિકસશે.

**E-Library :** આધુનિક યુગની સાથે કદમ મિલાવવા માટે સંસ્થાઓમાં E-library પણ ઊભી કરવી પડશે. જેમાં કમ્પ્યૂટર, - kios સ્ટેન્ડ, પ્રિન્ટર હોવા જોઈએ. જેમાં Wi-fiની સુવિધાઓ હોય. વિદ્યાર્થીએ જે શોધવું છે તેના માટેની માર્ગદર્શિકા પણ હોવી આવશ્યક છે. વિશ્વ હવે endroid અને લેપટોપની સાથે ચાલે છે ત્યારે નવા સંકલ્પો સાથે આગળ વધવું પડશે.

**પુસ્તકાલય અને મૂલ્યો :** પુસ્તકાલય અને મૂલ્યો પરસ્પર જોડાયેલા છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં આ બાબતે સુંદર વિચાર પ્રસ્તુત કરાયેલો છે. રાષ્ટ્રીયતા, સ્વાધીનતા, સ્વાતંત્ર્યવીરો અને દેશના રાજકીય મહાનુભાવોએ પ્રગટાવેલી દેશાભિમાનની ચિનગારી ભાવિ જગતને માર્ગદર્શિત કરે છે.

દેશમાં ભાવાત્મક એકતા અને અખંડિતતા બની રહે તે માટે રાષ્ટ્રપ્રેમ, સમર્પિતતા, વફાદારી અને પ્રામાણિકતાને ઉજાગર કરવા માટે પુસ્તકાલય એ **દીવાદાંડી** સમાન બની રહે તેમ છે.

**પુસ્તકાલયનું પંચામૃત :**

1. પુસ્તકાલય એ જ્ઞાનનું મંદિર છે.
2. પુસ્તકાલયમાં તમામ પ્રકારની શૈલીઓનાં પુસ્તકોનો વિશાળ સંગ્રહ હોય છે, જે વાચકોની રસ-રુચિને પોષે છે.
3. પુસ્તકાલય બાળકોને પુસ્તકો પ્રત્યે પ્રેમ વિકસાવવામાં મદદ કરે છે અને પુસ્તકાલયમાં નીરવ શાંતિ વિદ્યાર્થીઓની એકાગ્રતામાં સુધારો કરે છે.
4. વિદ્યાર્થીઓ ઉધાર લઈ શકે છે અને ઘેર પુસ્તકો લઈ શકે છે અને વાંચન પૂરું કર્યા પછી તેને પરત કરી શકે છે.
5. પુસ્તકાલય ભાવિ લેખકો-કવિઓ માટે ઉત્તમ પ્રારંભિક બિંદુ છે.

**સંપર્ક : પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**

"હૃદયની કેળવણી વિનાની માત્ર બુદ્ધિની કેળવણી એ કેળવણી જ નથી." — **એરિસ્ટોટલ**

## વહીવટી વિભાગ

### પરિપત્ર

ક્રમાંક-મઉમશબ/ક/5311-5344
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10-બી, જૂના સચિવાલય
પાસે,
ગાંધીનગર. તા. 28/12/2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ)

**વિષય :** **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ, 2005ના વિનિયમ ક્રમાંક 16(1)ના સુધારા અન્વયે પૂરક પરીક્ષાના વિસ્તૃત નિયમો મોકલવા બાબત**

**સંદર્ભ :** **શિક્ષણ વિભાગના તા. 12/10/2023ના ઠરાવ ક્રમાંક : મશબ/1210/1799/છ અન્વયે.**

**મહાશય,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા. 12/10/2023ના ઠરાવ ક્રમાંક : મશબ/1210/1799/છ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ, 2005ના વિનિયમ ક્રમાંક 16(1)માં સુધારો કરવામાં આવેલ છે. સદર વિનિયમ હેઠળ થયેલ સુધારા અન્વયે પૂરક પરીક્ષા સંદર્ભે જરૂરી વિસ્તૃત નિયમો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે. જે માર્ચ-2024ની પરીક્ષાથી અમલમાં આવશે. જે અંગે આપના તાબા નીચેની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, પૂરક પરીક્ષાના આવેદનપત્રો બોર્ડ દ્વારા અખબારી યાદીમાં પ્રસિદ્ધ કરવામાં આવે તે મુજબ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પરથી 07 (સાત) દિવસમાં સંબંધિત શાળા દ્વારા ઑનલાઈન ભરવાના રહેશે. પૂરક પરીક્ષાની ફી જે તે વર્ષની માર્ચની મુખ્ય પરીક્ષા મુજબની રહેશે. એકથી ત્રણ વિષય સુધી વિષયવાર ફી તથા ત્રણથી વધુ વિષય માટે સંપૂર્ણ પરીક્ષા ફી ભરવાની રહેશે. પૂરક પરીક્ષા અંગે બોર્ડના હૅલ્પલાઈન નંબર : 18002335500, 079-232-20538 તથા 7567918968 પરથી માર્ગદર્શન મેળવી શકાશે.

**(એમ. કે. રાવલ)**
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**બિડાણ :**

1 શિક્ષણ વિભાગનો ઠરાવ

2 બોર્ડ દ્વારા તૈયાર કરેલ વિસ્તૃત નિયમોની નકલ

**નકલ સવિનય રવાના :**

- માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
- નાયબ સચિવશ્રી, નવા સચિવાલય, શિક્ષણ વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારુ.

"બાળકોને ઉપદેશ નહિ, ઉદાહરણ આપો (**જોસેફ**); થોડું વાંચો, વધુ વિચારો (**ટાગોર**), નમ્રતા જ્ઞાનનો માપદંડ છે." (**મહાવીર સ્વામી**)

**નકલ રવાના :**

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
- સંયુક્ત નિયામકશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
- સંયુક્ત સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'** મૅગેઝિનમાં પ્રકાશિત કરવા સારુ.
- નાયબ નિયામકશ્રી (પરીક્ષા), તમામ, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા અમલવારી કરવા સારુ.
- ઍડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સ, અમદાવાદ તરફ જાણ સારુ.
- ઍડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અન્ડર ગ્રૅજ્યુએટ મૅડિકલ કોર્સ, ગાંધીનગર તરફ જાણ સારુ.

## દિનવિશેષ મહત્ત્વ :
## રાષ્ટ્રીય મતદાતા દિવસ

કોઈપણ લોકશાહી દેશમાં સરકાર રચવામાં મતદારો સૌથી મોટી અને સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મતદારો પોતાના અમૂલ્ય મતથી કોઈપણ વિજેતા પક્ષને પાંચ વર્ષ માટે સત્તા પર લાવે છે. મતદારો દેશ અને રાજ્યના વિકાસ માટે જાગૃત નાગરિક તરીકેની ફરજ નિભાવે છે. 25 જાન્યુઆરીએ દેશમાં દર વર્ષે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં મતદાનને લઈને લોકોના ઘટી રહેલા વલણને જોતાં 'મતદાન દિવસ'ની શરૂઆત કરવામાં આવી હતી.

ભારતીય બંધારણ મુજબ જનતા લોકશાહીનો પાયો અને પ્રાણ છે. લોકો સરકારને ચૂંટે છે. ચૂંટણી પંચના 61મા સ્થાપના દિવસે 25 જાન્યુઆરી, 2011ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટિલ દ્વારા 'રાષ્ટ્રીય મતદાન દિવસ'ની શરૂઆત કરવામાં આવી હતી. ભારતનું ચૂંટણીપંચ આ વરસે દેશભરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવા જઈ રહ્યું છે.

2011થી દર વર્ષે 25 જાન્યુઆરીએ ઉજવાતા રાષ્ટ્રીય મતદાતા દિવસનો મુખ્ય ઉદ્દેશ નવા મતદારોને પ્રોત્સાહિત કરવાનો, સુવિધા આપવાનો, મહત્તમ નોંધણી કરવાનો છે. વર્ષ 1950માં 25 જાન્યુઆરીએ ભારતના ચૂંટણી પંચની સ્થાપના દિનની યાદમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વના સૌથી મોટા લોકતંત્ર દેશ ભારતમાં મતદાન સંબંધિત ઘટી રહેલા વલણને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લીધો હતો.

રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ Kooએ વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન માહિતગાર નિર્ણયો લેવા માટે પ્રથમ વખત મતદારોને સશક્ત બનાવવા માટે મતદાર અધિકારો અને જવાબદારીઓ પર બહુભાષી માર્ગદર્શિકા બહાર પાડી છે. એક નિવેદન અનુસાર, માર્ગદર્શિકા બંધારણમાં સમાવિષ્ટ ભારતીય મતદારના મૂળભૂત અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને મતદાતાઓએ મતદાન કરતા પહેલાં અને પછી જે જવાબદારીઓ ધ્યાનમાં લેવાની જરૂર છે તેની ગણતરી કરે છે.

**(સંકલન)**

"માનવચેતનાને ખડી કરીને એમાં સંસ્કારોનું વાવેતર કરવાનું કામ શિક્ષકો જ કરી શકે."
**– વિમલા ઠાકર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમ–2005માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મશબ/1210/1799/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 12-10-2023

**વંચાણે લીધા :**

(1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-2005

(2) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા. 12/10/2023ની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી.

**આમુખ :**

શિક્ષણ વિભાગના સંદર્ભ (1) દર્શિત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-2005માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (2)ના વિનિયમ ક્રમાંક : 16(1)માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-2005માં આ સાથેના સામેલ પત્રક મુજબ દર્શાવેલ હાલની જોગવાઈને બદલે સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની તા. 12/10/2023ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એચ. કે. ગોહિલ)**
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના :**

- માનનીય મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માનનીય મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1-સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માનનીય મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9/1, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.1/ગ.2 શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મૅનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

"બાળક શિક્ષણમાં અને ઘડતરમાં જ એ સિદ્ધાંત શીખી લે કે સ્વાવલંબન અને શરીરશ્રમ એ ગૌરવની વસ્તુ છે, નહિ કે શરમની." – **ઈન્દુમતીબેન ચીમનલાલ શેઠ**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો - 2005માં વિનિયમ ક્રમાંક 16(1), હાલની જોગવાઈમાં સુધારો કરવા બાબત

**ઠરાવ ક્રમાંક : મશબ/1210/1799/છ તા. 12/10/2023નું બિડાણ**

| હાલની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
| --- | --- |
| 16(1) પરીક્ષા સમિતિ વખતોવખત નક્કી કરે તે મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નક્કી કરેલ કેન્દ્રોમાં વર્ષમાં એકવાર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા માર્ચ માસમાં લેવાશે. સામાન્ય રીતે આવા નક્કી કરેલાં કેન્દ્રોની જાણ શાળાઓને માર્ચ માસમાં લેવાનાર પરીક્ષા માટે જે તે વર્ષની પહેલી જાન્યુઆરી પહેલાં કરવામાં આવશે. જે તે વર્ષના માર્ચ માસમાં લેવાયેલી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં બે વિષયોમાં 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે. ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં એક વિષયમાં 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે.<br><br>પૃથક્ ઉમેદવાર જૂન/જુલાઈની પૂરક પરીક્ષામાં બેસી શકશે નહીં. અગાઉ માર્ચ માસમાં લેવાયેલી પરીક્ષામાં અનુત્તીર્ણ (નાપાસ) થયેલ ઉમેદવાર આવી પૂરક પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરશે (પાસ થશે) ત્યારે તે ઉત્તીર્ણ જાહેર કરાશે. ખાસ સંજોગોમાં કોઈ પણ સમયે અને કોઈ પણ કેન્દ્ર પર ખાસ પરીક્ષા લેવાનો અધિકાર પરીક્ષા સમિતિને રહેશે. | 16(1) પરીક્ષા સમિતિ વખતોવખત નક્કી કરે તે મુજબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નક્કી કરેલ કેન્દ્રોમાં વર્ષમાં એકવાર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા માર્ચ માસમાં લેવાશે. સામાન્ય રીતે આવા નક્કી કરેલાં કેન્દ્રોની જાણ શાળાઓને માર્ચ માસમાં લેવાનાર પરીક્ષા માટે જે તે વર્ષની પહેલી જાન્યુઆરી પહેલાં કરવામાં આવશે. જે તે વર્ષના માર્ચ માસમાં લેવાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં ઉપસ્થિત, ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (**વિજ્ઞાન પ્રવાહ**)ના ઉમેદવારોને **તમામ વિષયો**ની બોર્ડ દ્વારા જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે. બંને પરિણામ એટલે કે માર્ચ અને જૂન/જુલાઈ માંથી જે શ્રેષ્ઠ (Best of Two Exams) હોય તે પરિણામ સ્વીકારવાનું રહેશે.<br><br>ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (**સામાન્ય પ્રવાહ**)માં **બે વિષયમાં** 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે.<br><br>માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષામાં **ત્રણ વિષયોમાં** 'D' (ડી) ગ્રેડથી નીચેનો ગ્રેડ મેળવનાર ઉમેદવારને બોર્ડ દ્વારા જૂન/જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં બેસી પરિણામ સુધારવાની તક મળી શકશે.<br><br>પૂરક પરીક્ષા સંબંધિત વિસ્તૃત નિયમો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બનાવવામાં આવશે. પૃથક્ ઉમેદવાર જૂન/જુલાઈ પૂરક પરીક્ષામાં બેસી શકશે નહીં. ખાસ સંજોગોમાં કોઈ પણ સમયે અને કોઈ પણ કેન્દ્ર પર ખાસ પરીક્ષા લેવાનો અધિકાર પરીક્ષા સમિતિને રહેશે. |

"પ્રાર્થના એ એક રીતે હૃદયનું સ્નાન છે અને બીજી રીતે હૃદયનો ખોરાક છે. પ્રાર્થનાના વાતાવરણમાં શુભ સંકલ્પો મજબૂત અને વિકસિત થતા જાય છે." **– કાકાસાહેબ કાલેલકર**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શિક્ષણ વિભાગના તા. 12/10/2023ના ઠરાવ ક્રમાંક : મશબ/1210/1799/છ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ 2005ના વિનિયમ ક્રમાંક 16(1)માં સુધારો કરવામાં આવેલ છે. સદર વિનિયમ હેઠળ થયેલ સુધારા અન્વયે પૂરક પરીક્ષા સંદર્ભે જરૂરી વિસ્તૃત નિયમો આ સાથે તૈયાર કરવામાં આવેલ છે. જે આગામી માર્ચ-2024ની પરીક્ષાથી અમલમાં આવશે.**

## ॥ પેટા નિયમો ॥

### ● ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ ●

1) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના માર્ચ માસની જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારો જ પૂરક પરીક્ષા માટે પાત્રતા ધરાવશે.

2) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના માર્ચ માસમાં લેવાયેલ મુખ્ય પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલ ઉમેદવાર પ્રાયોગિક વિષય સહિત જે વિષયમાં અનુત્તીર્ણ થયેલ હોય તે વિષયની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. અનુત્તીર્ણ ઉમેદવાર ઇચ્છે તો ઉત્તીર્ણ થયેલ તમામ સૈદ્ધાંતિક વિષય/વિષયોની પરીક્ષામાં પણ ઉપસ્થિત થઈ પરિણામ સુધારી શકશે.

3) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના માર્ચ માસમાં લેવાયેલ મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવાર સૈદ્ધાંતિક વિષય/વિષયોની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ પરિણામ સુધારી શકશે.

4) માર્ચ માસની મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારની પ્રાયોગિક વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવશે નહીં.

5) માર્ચ માસની મુખ્ય પરીક્ષામાં જે તે વિષયમાં નોંધાયેલા પુનરાવર્તિત (REPEATER) ઉમેદવારો તે જ વિષય/વિષયોની પૂરક પરીક્ષા આપી શકશે.

6) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના રસાયણવિજ્ઞાન પ્રાયોગિક (053), ભૌતિકવિજ્ઞાન પ્રાયોગિક (055) અને જીવવિજ્ઞાન પ્રાયોગિક (057) વિષયો પૈકી જે તે પ્રાયોગિક વિષયમાં અનુત્તીર્ણ/ગેરહાજર રહેલ ઉમેદવારની જ તે વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવશે. જે પ્રાયોગિક વિષયમાં ઉમેદવાર ઉત્તીર્ણ થયેલ હોય તે વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવશે નહીં.

7) મુખ્ય પરીક્ષામાં જે તે વિષયમાં ગેરહાજર રહેનાર ઉમેદવારનું તે વિષયનું પરિણામ પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ મુજબ ગણવામાં આવશે.

8) પૂરક પરીક્ષામાં જે તે વિષયમાં ગેરહાજર રહેનાર ઉમેદવારનું તે વિષયનું પરિણામ માર્ચ માસની મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણ મુજબ ગણવામાં આવશે.

9) પૂરક પરીક્ષા બાદ માત્ર ગુણચકાસણી માટેની અરજી સ્વીકારવામાં આવશે. પૂરક પરીક્ષા અંતર્ગત ઉત્તરવહી અવલોકનની કાર્યવાહી કરવામાં આવશે નહીં.

10) માર્ચ માસની મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ પૂરક પરીક્ષાના આવેદનપત્રો ભરેલ ન હોય તેવા ઉમેદવાર કોઈપણ સંજોગોમાં પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહીં.

11) માર્ચ માસની મુખ્ય પરીક્ષા તેમજ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારનું મુખ્ય અને પૂરક પરીક્ષાના વિષયવાર ઉત્તમ ગુણને ધ્યાને લઈને અંતિમ (BEST OF TWO EXAM) પરિણામ આપવામાં આવશે.

"સમજુ માણસ પોતાની જાતને નિયમનમાં રાખે છે, અણસમજુ માણસ પોતાના બદલે બીજાને નિયમનમાં રાખે છે." – **પ્રમુખસ્વામી મહારાજ**

12) માર્ચ માસની મુખ્ય પરીક્ષાનું પરિણામ ઑનલાઈન જાહેર થયા બાદ 02 (બે) દિવસમાં પૂરક પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગે અખબારી યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

13) મુખ્ય પરીક્ષાનાં આવેદનપત્રો જે શાળામાંથી ભરવામાં આવ્યા છે તે જ શાળા દ્વારા પૂરક પરીક્ષાનાં આવેદનપત્રો ભરી શકાશે. બોર્ડની સૂચના બાદ શાળાએ પૂરક પરીક્ષા અંગે આવેદનપત્રો ભરવાની કાર્યવાહી ચોકસાઈપૂર્વક નિયત સમયમાં હાથ ધરવાની રહેશે.

14) આ પેટા નિયમો સંદર્ભે અર્થઘટન બાબતે બોર્ડના અધ્યક્ષશ્રીનો નિર્ણય આખરી રહેશે.

**(એમ. કે. રાવલ)**
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**સ્થળ :** ગાંધીનગર

તા. 28/12/2023

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ GSHSEB Gandhinagar છે. જેમાં ધોરણ-9થી 12ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ JEE અને NEETની પરીક્ષાના માર્ગદર્શન માટેના ખાસ શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલા છે. યુટ્યુબ પર GSHSEB Gandhinagar લખીને સર્ચ કરવાથી આ કાર્યક્રમો જોઈ શકાશે. આ ઉપરાંત, બાજુમાં દર્શાવેલ QR કોડ સ્કેન કરવાથી પણ બોર્ડની યુટ્યુબ ચેનલ GSHSEB Gandhinagar જોઈ શકાશે. હાલમાં બોર્ડની યુટ્યુબ ચેનલના સબસ્ક્રાઈબર્સની સંખ્યા **1.20 લાખ**ને પાર થઈ ગઈ છે તથા વ્યૂઅર્સની સંખ્યા લગભગ **1 કરોડ** થઈ ગઈ છે. આ અનોખી સિદ્ધિ મેળવવી એ બાબત આનંદદાયક અને ગૌરવપ્રદ છે. આ અંગે આપના સાથ-સહકાર માટે આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. હજુ પણ વધુને વધુ વિદ્યાર્થીઓ બોર્ડની યુટ્યુબ ચેનલના શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ મેળવે તે માટે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે માટે તેમજ આ ચેનલ Subscribe અને Share કરવામાં આવે તે માટે વિનંતી કરવામાં આવે છે.

**બી. એન. રાજગોર**
સંયુક્ત નિયામક
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બાળકની કુદરતી રીતે વ્યક્ત થતી ખુશીને આગળ વધવા દઈ શાળામાં તેમજ ઘરમાં વિકસવા દેવાથી તે એવી વ્યક્તિ બનશે જે અન્યને પણ ખુશ કરશે. **— જે. કૃષ્ણમૂર્તિ**

# દિનવિશેષ : 12મી જાન્યુઆરી - 'રાષ્ટ્રીય યુવાદિન'નું મહત્ત્વ

આંતરરાષ્ટ્રીય યુવા વર્ષના ઉપક્રમે 1985માં ભારત સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. સ્વામી વિવેકાનંદના જન્મદિન 12મી જાન્યુઆરીને પ્રતિવર્ષે 'રાષ્ટ્રીય યુવાદિન'ના રૂપમાં ઉજવવો. ભારત સરકારે આનું કારણ આપતાં કહ્યું છે કે - "એવું જોવામાં આવે છે કે સ્વામી વિવેકાનંદનું દર્શન અને જે આદર્શોનું એમણે પાલન કર્યું તથા જેમનો એમણે આદેશ આપ્યો, એ ભારતના યુવાવર્ગ માટે પ્રેરણાનો મહાસ્રોત બની શકે તેમ છે." આના સંદર્ભમાં ભારત સરકારે 'રાષ્ટ્રીય યુવા સપ્તાહ' (12 થી 19 જાન્યુઆરી) ઉજવવા જે કાર્યક્રમો યોજવા નિર્દેશો આપ્યા છે, તેમાં સ્વામી વિવેકાનંદના આદર્શો પર વિચાર કરવાને મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું છે. ભારત સરકારનું આ પગલું અત્યંત પ્રશંસનીય છે.

સ્વામી વિવેકાનંદના સંપૂર્ણ સાહિત્યનું અધ્યયન કરવાથી જોવા મળશે કે તેમણે લખેલા મોટાભાગના પત્રો પોતાના યુવા ગુરુભાઈઓ અથવા આલાસિંગા પેરૂમલ, ભગિની નિવેદિતા વગેરે યુવક-યુવતીઓને લખેલા, મોટાભાગના તેમના વાર્તાલાપો શરદચંદ્ર ચક્રવર્તી વગેરે યુવકો સાથે થયેલા, મોટાભાગનાં તેમનાં વ્યાખ્યાનોના શ્રોતાઓ યુવકો અને યુવતીઓ હતાં. તેમનાં વ્યાખ્યાનો સાંભળીને અથવા વાંચીને ઘણાં યુવક-યુવતીઓએ પોતાનું જીવન ભારતવર્ષને માટે સમર્પિત કરી દીધું હતું. ભગિની નિવેદિતા, શ્રી અરવિંદ, સ્વામી રામતીર્થ, મહાત્મા ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરુ, ચક્રવર્તી રાજગોપાલાચારી, ડૉ. રાધાકૃષ્ણન્ વગેરે તથા અનેક યુવક-યુવતીઓના પ્રેરણા-સ્રોત હતા સ્વામી વિવેકાનંદ.

ગાંધીજીએ કહ્યું હતું કે, 'હું તેમનાં (સ્વામી વિવેકાનંદનાં) લખાણો સાંગોપાંગ ઝીણવટથી વાંચી ગયો છું અને એ પૂરેપૂરાં વાંચી લીધા પછી મારામાં રહેલો સ્વદેશપ્રેમ હજારગણો વધી ગયો'. સુભાષચંદ્ર બોઝે કહ્યું હતું, 'શ્રીરામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદ તરફનું મારું ઋણ હું શબ્દો દ્વારા કેવી રીતે વ્યક્ત કરી શકું ?' 'અમારા સમયમાં વિદ્યાર્થી વર્ગ પર સ્વામીજીનાં ભાષણો અને લેખોનો જેવો પ્રભાવ પડ્યો તેવો બીજી કોઈ વ્યક્તિએ પાડ્યો નહોતો. તેમણે જાણે કે તેઓની આશાઓ અને અરમાનોને સંપૂર્ણપણે વ્યક્ત કર્યા હતા.'

સ્વામી વિવેકાનંદનો સંદેશ દરેક યુવા પેઢી માટે પ્રેરક છે. આ સંબંધમાં શ્રી જવાહરલાલ નહેરુએ રામકૃષ્ણ મિશન, દિલ્હીમાં 1949માં જે કહ્યું હતું તે આજની યુવા પેઢી માટે પણ એટલું જ લાગુ પડે છે. તેમણે કહ્યું હતું, 'અત્યારે યુવા પેઢીના કેટલા લોકો સ્વામી વિવેકાનંદના લેખો અને ભાષણો વાંચે છે તે હું જાણતો નથી. પણ હું એટલું કહીશ કે, મારી પેઢીમાંના ઘણા લોકો સ્વામીજીની પ્રબળ અસર હેઠળ આવેલા અને આજની પેઢી સ્વામીજીનાં લેખો અને ભાષણો વાંચશે તો તેને પણ તે ખૂબ લાભદાયી થશે એમ હું માનું છું.'

કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરે રોમાં રોલાંને કહ્યું હતું, 'તમારે ભારતવર્ષને સમજવું હોય તો વિવેકાનંદનું અધ્યયન કરો, તેમનામાં બધું જ વિધેયાત્મક છે, કશું જ નિષેધાત્મક નથી.'

સુષુપ્તપણે રહેલી યુવાશક્તિને જગાડવા માટે આજે એમના દેહમાં એવા વિદ્યુતના આંચકાની જરૂર છે અને એ મળશે સ્વામી વિવેકાનંદના ગ્રંથોમાંથી. આજની યુવા પેઢીને પોતાનાં ચારિત્ર્યનિર્માણ અને દેશના પુનઃનિર્માણના કાર્યમાં લાગી જવાની પ્રેરણાશક્તિ સ્વામી વિવેકાનંદનાં લખાણોમાંથી મળશે.

આજે આપણો દેશ જ્યારે કેટલીક સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે યુવા વર્ગની જવાબદારી વધી જાય છે. સ્વામી વિવેકાનંદની યુવાવર્ગ પાસે ઘણી અપેક્ષા હતી. તેમણે કહ્યું હતું – 'મને યુવા પેઢીમાં - આધુનિક પેઢીમાં શ્રદ્ધા છે, મારા કાર્યકરો આ પેઢીમાંથી જ આવવાના છે. સિંહોની માફક તેઓ સમગ્ર પ્રશ્નોનું નિરાકરણ કરશે. આ તમામ બાબતોને કેન્દ્રમાં રાખીને 12 જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય યુવા દિન'ની ઉજવણીની જાહેરાત થઈ છે ત્યારે દરેક શાળા/કૉલેજ અને સૌની ફરજ છે કે આ દિનવિશેષનો મહિમા વધારી, યુવા વર્ગને પ્રોત્સાહિત કરી, વિવિધ કાર્યક્રમો દ્વારા આજના આ મહાન દિનને સાર્થક રીતે ઉજવીએ.

**('વાસરિકા : દિનવિશેષ'માંથી સાભાર)** **(સંકલન)**

RNI No. GUJGUJ2011/46203 Govt. of India, New Delhi. Dated 06-11-2012
SSPOs Gandhinagar No. L1/RNP/RENEWAL/G-GNR 297/2021 Dt. 14-09-2021/17-11-2021. Valid Up to 31-12-2024
Licence to Post without Pre-Payment No. PMG/NG/096/2022-2024, Valid up to 31-12-2024
Printed and Posted on 28th of Each Month. (Annual Subscription Rs. 200/-) Licence valid up to 31-12-2024.

# નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી



વિશ્વ ઇતિહાસમાં રાખમાંથી રાષ્ટ્ર સર્જનાર જે મહાપુરુષો થયા છે, તેમાં સુભાષચંદ્ર બોઝનું નામ ગેરિબાલ્ડી, બિસ્માર્ક, મોલ્ટકેન, લેનિનની હરોળમાં મૂકી શકાય. સુભાષચંદ્ર એટલે શક્તિનો અવિરત વહેતો અનુપમ સ્રોત ! તેઓ રાજકારણમાં સક્રિય બની મેધાવી પ્રતિભા સાથે ઉદય પામ્યા. વિદેશમાં જઈ **'આઝાદ હિન્દ ફોજ'** દ્વારા, આઝાદી મેળવવા જંગ ખેલી લેવા ભારતની પ્રજામાં અભૂતપૂર્વ શક્તિસંચાર કર્યો અને હિન્દની આઝાદી માટે લડતાં લડતાં વિદેશમાં જ શહીદીને વર્યા.

સુભાષચંદ્ર બોઝનો જન્મ બંગાળમાં કટકમાં સરકારી વકીલાત કરતા જાનકીનાથના કુટુંબમાં 23મી જાન્યુઆરી 1897ના રોજ થયો હતો. સુભાષ બાળપણથી જ તેજસ્વી અને બુદ્ધિશાળી હતા. કટકની શાળા, કોલકાતાની પ્રેસિડેન્સી કૉલેજ વગેરેમાં ખૂબ સારા ગુણથી પરીક્ષાઓ ઉત્તીર્ણ કરી, વધુ અભ્યાસાર્થે ઈંગ્લેન્ડ ગયા અને ત્યાંથી ખૂબ અઘરી ગણાતી I.C.Sની પરીક્ષા ચોથે નંબરે પાસ કરી, કોલકાતા પાછા ફર્યા. પ્રેસિડેન્સી કૉલેજના અંગ્રેજ અધ્યાપકોના ગુમાનના કડવા અનુભવોમાંથી તેમની વિરુદ્ધ ક્રાન્તિ કરવાનાં બીજ રોપાયાં. ઈ.સ. 1921થી ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયા. 1923માં 'સ્વરાજ્ય પક્ષ'માં જોડાયા. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ સ્થાને વરાયા. ગાંધીજી સાથે નીતિરીતિ બાબતમાં મતભેદ શરૂ થયો. બીજીવાર તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા અને ગાંધીજીના પ્રતિનિધિ ડૉ. પટ્ટાભી સીતારામૈયા હારી ગયા. જેથી મનદુઃખ વધે તે પહેલાં તેઓએ પ્રમુખપદેથી રાજીનામું મૂકી, કૉંગ્રેસમાંથી છૂટા થઈ, નવો 'ફોરવર્ડ બ્લોક' પક્ષ સ્થાપ્યો. તેમને દાસબાબુનો ખૂબ સારો સાથ મળેલો. 1941થી મૃત્યુપર્યંત વિદેશમાં જ રહ્યા અને આપણા દેશની આઝાદી માટે અંગ્રેજો સામે ઝઝૂમ્યા.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું અને બ્રિટિશ સરકારને સત્તા સોંપી દેવા આખરીનામું આપવા સુભાષબાબુએ ઝુંબેશ ઉપાડી એટલે સરકારે તેમની ધરપકડ કરી જેલમાં પૂરી દીધા; પરંતુ ત્યાં તબિયત બગડતાં તેમને તેમના મકાનમાં નજરકેદ કરાયા. આ નજરકેદમાંથી છટકીને ભાગી જઈ માતૃભૂમિને આઝાદ કરવા તેઓ થનગની રહ્યા. પઠાણનો વેશ ધારણ કરી 1941ના જાન્યુઆરીની 15મીએ તેઓ પેશાવર તરફ રવાના થયા. સાહસ, શૌર્ય અને નિર્ધારિત ધ્યેયને પૂરું કરવાની લગનને સહારે તેઓ ઈટલી થઈ છેક જર્મની પહોંચી ગયા. ત્યાં હિટલરને મળ્યા. હિટલરે તેમને દેશબાંધવોને વાયુસંદેશ આપવાની પરવાનગી આપી. ત્યાંથી એક સબમરીન દ્વારા દુશ્મનોની વચ્ચેથી સિફતપૂર્વક સરકી જઈ છેક સિંગાપુર પહોંચ્યા ત્યારે તો ખુદ જર્મન સેનાપતિઓ પણ મોંમાં આંગળાં નાખી ગયા ! જાપાનમાં વસતા શ્રી રાસબિહારી બોઝે સ્વયં નિવૃત્તિ લઈ 'આઝાદ હિન્દ ફોજ' (I.N.A)નું સુકાન સુભાષબાબુને સોંપ્યું. જાપાનના શાસકોને મળી, યુદ્ધકેદીઓ તરીકે પકડાયેલા હિંદી સૈનિકોની ફોજમાં ભરતી કરી. સિંગાપુરને મુખ્ય મથક બનાવી, આસામ, ઇમ્ફાલ, કોહિમા સુધી સફળતાપૂર્વક કૂચ કરી બ્રિટિશ લશ્કરના દાંત ખાટા કરી નાખ્યા ! કૅપ્ટન લક્ષ્મીના નેતૃત્વ નીચે મહિલા મુક્તિ ફોજે પણ સારી કામગીરી બજાવી. તેમણે આકાશવાણી પર આપેલા **'ચલો દિલ્હી'** અને **'જય હિંદ'**નાં સૂત્રો દેશભરમાં ગૂંજી રહ્યાં. લોકોએ તેમને **'નેતાજી'** કહ્યા.

ઑગસ્ટની 19મી તારીખે (1945) જ્યારે જાપાન શરણાગતિ સ્વીકારવાની વાટાઘાટોમાં રોકાયેલું હતું, ત્યારે સુભાષબાબુ સાઈગોનથી વિમાની માર્ગે જતા હતા, ત્યારે રસ્તામાં જ ફોર્મોસા ટાપુ પાસે તાઈહોકુ પાસે વિમાન તૂટી પડ્યું અને તે જ રાત્રે તેઓ શહીદીને વર્યા તેમ મનાય છે. તેમને અંજલિ આપતા કહેવામાં આવ્યું છે, ''નેતાજી આપણને એટલા બધા પ્યારા હતા કે તેમનું અવસાન થયું છે, તે વાત આજે પણ સાચી મનાતી નથી. જ્યાં સુધી **'જય હિંદ'** સૂત્ર ગૂંજતું રહેશે ત્યાં સુધી નેતાજી સુભાષચંદ્ર બોઝ અમર રહેશે.''

**(સંકલન)**

Printed by Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published by N. G. Vyas, Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) on behalf of the Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published at Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat), Editor Shri N. G. Vyas, (Secretary, GS & HSEB, Gandhinagar, Gujarat)

Total Pages :
**32 + 04 = 36 Pages**

Price :
Per Copy Rs. 40/-

Annual Subscription :
For School - Rs. 400/-
For Individual - Rs. 200/-